RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં. ૬૬૪/ તા. ૩–૩–૧૨
ફોન નં:–૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી કનુ. બી. શાહ
સામાવાળા:– પ્રતિ, ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન, કતારગામઝોન,રાંદેરઝોન,ઉધનાઝોન, વરાછાઝોન,લિંબાયતઝોન,અઠવાઝોન)
પ્રતિ, પી.ઓ. અને ત.જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)
પ્રતિ, ખાતાકીય અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી વિભાગ)
પ્રતિ, ચીફ ફાયર ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી(ફાયર અને ઈમરજન્સી વિ)
પ્રતિ,ઈ.ચા.ગ્રંથપાલ અને ત. જાહેર માહિતી અધિકારી(નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી)
પ્રતિ,મેનેજર ગાંધી સ્મૃતિભવન અને ત. જાહેર માહિતી અધિકારી(સાંસ્કૃતિક વિભાગ)
પ્રતિ,ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (ટ્રાફિક સેલ)
પ્રતિ,ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને ત.જાહેર માહિતી અધિકારી(ગાર્ડન વિભાગ)
પ્રતિ,ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(ગાર્ડન પ્રોજેકટ સેલ)
પ્રતિ,ઈ.ચા.લો.ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(કાયદા ખાતુ)
પ્રતિ,ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(વોચ એન્ડ વોર્ડ)
પ્રતિ,ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(મ્યુ.વર્કશોપ)
પ્રતિ,ઈ.ચા. સ્ટોર સુપ્રિ.અને ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ સ્ટોર)
પ્રતિ,મેડીકલ ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ)
પ્રતિ,આસી.જંતુનાશક અધિકારી અને ત.જાહેર માહિતી અધિકારી(ફાઈલેરિયા/મલેરિયા વિ)
પ્રતિ,ઈ.ચા.ઝુ.સુપ્રિ. અને ત.જાહેર માહિતી અધિકારી(સરથાણા નેચરલ પાર્ક વિભાગ)
પ્રતિ,સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક,રોડ ડેવલપમેન્ટ,ગર્વમેન્ટ પ્રજેકટ એન્ડ લોન પ્રોજેકટ વિભાગ,સ્ટ્રીટ લાઈટ, બ્રીજ સેલ)
પ્રતિ,ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને ત.જાહેર માહિતી અધિકારી(ટાઉન પ્લાનીંગ)
પ્રતિ,ડે.કમિશ્નર (ફા) અને ત.જાહેર માહિતી અધિકારી
પ્રતિ,ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને ત.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય વિભાગ)
પ્રતિ,ડીનશ્રી અને ત.જાહેર માહિતી અધિકારી(સ્મીમેર મેડીકલ કોલેજ)
પ્રતિ,એડી.સીટી ઈજનેર અને ત.જાહરે માહિતી અધિકારી(ડ્રેનેજ વિભાગ)
પ્રતિ,ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી(ઈલેકશન વિ.,સાયન્સ સેન્ટર,રીક્રુટમેન્ટ, ઈન્ફોરમશન સીસ્ટમ વિભાગ,સ્લમ અપગ્રેડેશન સેલ)
પ્રતિ,એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ સેલ,ફલડ પ્રોટેકટીવ પ્રોજેકટ, સ્વીમીંગ પુલ)
પ્રતિ,એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(બીઆરટીએસ સેલ)
પ્રતિ,જકાત અમલદાર અને ત.જાહેર માહિતી અધિકારી(જકાત વિભાગ)
પ્રતિ,સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(આર.ડી.ડી.વિભાગ)

## ફરીયાદની હકીકત:–

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કનુ બી.શાહની તા.૨૧–૧૧–૧૧ની અરજીના પાના નં. ૪થી ૭ પરના મુદ્દા નં. (૧) સૌ પ્રથમ એવું જાહેર કરો કે, તમો તમારા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ પ્રજાજનોને, તમોએ પોતે નિર્ધારિત કરેલ દરે વેરા, ટેક્ષ વિગેરે વસુલ લઈ સેવા યાને કે " SERVICE " પુરી પાડવાની જવાબદારી ઉઠાવો છો. વિ. મુદ્દા નં. (૧)થી (૨૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૪/૨૦૧૧–૧૨

શ્રી કનુ બી.શાહની તા.૨૧–૧૧–૧૧ની અરજીના પાના નં. ૪થી ૭ પરના મુદ્દા નં. (૧) સૌ પ્રથમ એવું જાહેર કરો કે, તમો તમારા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ પ્રજાજનોને, તમોએ પોતે નિર્ધારિત કરેલ દરે વેરા, ટેક્ષ વિગેરે વસુલ લઈ સેવા યાને કે " SERVICE " પુરી પાડવાની જવાબદારી ઉઠાવો છો. વિ. મુદ્દા નં. (૧) થી (૨૪)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા) / આરટીઆઈ / આ. નં.૧૦૧૩ તા. ૧૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી તથા અપીલમાં જણાવેલ મુદ્દા નં. (૧) થી (૧૦) બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૮૪ તા. ૧૩–૩–૧૨થી ઉપરોકત નિર્દિષ્ટ પક્ષકાર તમામ જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મૂળ માંગેલ માહિતીના અનુસંધાને મુદ્દાવાર, પક્ષકાર જાહેર માહિતી અધિકારીદીઠ નારાજગી સ્પષ્ટ કરવા તથા મૂળ માંગેલ માહિતી તેમજ ફી ભર્યાની વિગત જણાવવા સાથે વિલંબીત અપીલ અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં. સ્મીમેર /૩૬૧૪ તા. ૧૭–૩–૧૨થી પૂરક વિગતોમાં સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ /આ.નં./૯૭૮ તા. ૨૮–૧૧–૧૧થી તમામ જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, મૂળ અરજીની નકલ, આરોગ્ય વિભાગના પત્ર નં. પીએચડી/આ.નં./૫૬૩ તા. ૧૦–૬–૧૧ના પરિપત્રની નકલ, સા.સ.ઠ નં. ૧૭૭/૨૦૧૧તા. ૨૭–૪–૧૧ના ઠરાવની નકલ, નોંધ વિભાગ, પત્ર નં. સ્મીમેર /૨૭૫ તા. ૧૨–૧૨–૧૧થી સમય અવધિમાં આપવામાં આવેલી માહિતીના પત્રની નકલ તથા અરજદારે રૂ. ૪૬ ભરપાઈ કર્યા અંગેની રસીદ નં. ૩૯૩૪૨૩ સ્મીમેરની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૬૭૧ તા. ૧૯–૩–૧૨ના પત્રથી પૂરક વિગતનો પત્ર અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લો–ઓફિસર તરફથી કાયદા વિભાગ/ આરટીઆઈ સેલ/૫૯૮ તા. ૧૯–૩–૧૨ના પૂરક પત્રથી પૂરક વિગતોમાં પત્ર નં. આ.લો./૪૮૦ તા. ૧૬–૧–૧૨થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ તથા અરજદારને તેમની તા. ૫–૧–૧૨ની અરજી બાબતે આ.લો. /૪૮૯ તા. ૧૭–૧–૧૨થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ તથા તે અરજી બાબતે આ.લો./૫૪૬ તા. ૨૨–૨–૧૨ના રોજ માહિતી આપ્યા અંગેના પત્રની નકલ, ઈ.ચા.લો. ઓફિસર તરફથી પત્ર નં. કાયદા વિભાગ /આરટીઆઈ સેલ/૫૫૦ તા. ૨૪–૨–૧૨થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી રોડ ડેવલપમેન્ટ વિભાગ તરફથી પત્રનં. આરડીડી/આ.નં./૯૦૨ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી આર.ડી.ડી તરફથી પત્ર નં. આરડીડી/આ.નં./૫૯૬ તા. ૧૩–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલતથા અરજદારની તા. ૫–૧–૧૨ની અરજી બાબતે આરડીડી/આ.નં/૭૭૭ તા. ૧૫–૨–૧૨થી અરજદારને આપેલી માહિતીના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર તરફથી પત્ર નં. આરડીડી/આઉટ/૭૭૮ તા. ૧૫–૨–૧૨થી પૂરક પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી મેડીકલ સ્ટોર તરફથી પત્ર નં. સીએમ.એસ/આ.નં./૧૯૨૩ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. સી.એમ.એસ/આ.નં./૧૪૭૧ તા. ૨૦–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતી પત્રની નકલ, અઠવા ઝોન તરફથી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા મૂળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી જકાત તરફથી પત્ર નં. ટીઓસી/૧૬૨ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, પત્ર નં. ટીઓસી/૧૦૧ તા. ૧૩–૧૨–૧૧થી અરજદારને આપવામાં આવેલ માહિતી પત્રની નકલ, અરજદારની તા. ૫–૧–૧૨ની અરજી બાબતે પત્ર નં. ટીઓસી/૧૧૬ તા. ૧૩–૧–૧૨થી આપવામાં આવેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહવિકાસ વિભાગ દ્વારા તા. ૧૩–૧૧–૦૭ના તમામ મ્યુ. કમિશનરશ્રીઓને રાજયની મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદ કરવાના પત્રની નકલ તથા ૩૦ જુલાઈ ૨૦૦૭ અને ૧૨ સપ્ટે. ૨૦૦૭ના ગેજેટની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં. ટ્રાફીક સેલ/આ.નં./૨૨૯૪ તા. ૨૦–૩–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અઠવાઝોનનો તબદીલ પત્ર, મૂળ અરજીની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. ટ્રાફીક સેલ/આ.નં./૧૮૩૪ તા. ૧૮–૧–૧૨ના રોજ આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ તથા મધ્યસ્થ કચેરી તરફથી અરજદારને આપવામાં આવેલ માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં. સી/૨૬૦૦/એ/ તા. ૩૧–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળ ેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં. વર્કશોપ /૧૧૬૪ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં પત્ર નં. ઓટો વર્કશોપ/૮૪૪ તા. ૨૦–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ, અઠવાઝોનના તબદીલ પત્રની નકલ, મૂળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૨૦૨ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૨૭ તા. ૧૩–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ તથા ફોર્મની યાદી તથા અરજદારના તા. ૨૯–૧૨–૧૧ના પત્ર સંદર્ભે વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ / આ.નં./૯૪૮ તા. ૧૩–૧–૧૨ના પત્રથી આપવામાં આવેલ માહિતી અંગેના પત્રની નકલ તથા ફોર્મ વિતરણની યાદીની નકલ અત્રે મળેલ છે. સંકલન વરાછાઝોન તરફથી પત્રનં. ઈ.ઝેડ/આરટીઆઈ /૨૮ તા. ૨૧–૩–૧૨ના પત્રથી મૂળ અરજી તથા તબદીલ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી મુખ્ય હિસાબનીશ તરફથી પત્ર નં. એકા/એસઆર/નં.૧૦૮ તા. ૨૨–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને પત્ર નં. એકા/આરટીઆઈ/૮૩ તા. ૧૧–૧–૧૨થી આપવામાં આવેલ માહિતી પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/૩૩૩૨ તા. ૦૭–૧–૧૨થી તમામ જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કર્યાની નકલ, અઠવાઝોનના તબદીલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આકારણી સેલ તરફથી પત્ર નં. એઆરડી/સેલ/ ૩૩૪ તા. ૧૯–૩–૧૨ના પૂરક પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં. ટીપીડી/આ/આરટીઆઈ /૬૬૪ તા. ૨૧–૩–૧૨ના રોજ પૂરક પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં. જાવક /ઈએસટી/૪૩૪૩ તા. ૨૨–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, એકાઉન્ટ વિભાગ તરફથી અરજદારને આપેલી માહિતીના પત્રની નકલ, પત્ર નં. એકા/આરટીઆઈ /૮૩ તા. ૧૧–૧–૧૨ના પત્રની નકલ, મૂળ અરજી તથા તબદીલ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. જીએડી/ઈએસટી/૩૧૧૭ તા. ૧૯–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ અરજદારે રસીદ નં. ૧૧૭૬૧૭ તા. ૨૦–૧૨–૧૧થી સેન્ટ્રલ ઝોન ખાતે નાણાં ભર્યા અંગેના રસીદની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. જીએડી/ઈએસટી/ ૩૧૨૯ તા. ૨૧–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ, ડે.કમિ.ની સર્વિસબુકના પ્રથમ પાનાની તથા દંડની કરવામાં આવેલ એન્ટ્રીની નકલ,અરજદારની મૂળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં. પી.પી.જી./ આ.નં./૨૦૫૦ તા. ૨૧–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.પી.પી.જી./આ.નં./૧૩૫૭ તા. ૧–૧૨–૧૧થી આપવામાં આવેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ટીપીડી/આરટીઆઈ/૬૭૦ તા. ૨૩–૩–૧૨ના પૂરક પત્રથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.

ટીપીડી/આરટીઆઈ/ ૪૫૭ તા. ૨૦–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં. ડીએનજી/આરટીઆઈ /૭૩ તા. ૨૨–૩–૧૨થી પૂરક વિગતોમાં મૂળ અરજીની નકલ, અઠવાઝોનના તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. ડીએનજી/આરટીઆઈ /આ.નં./૪૫ તા. ૧૯–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી ફાયલેરીયા/મલેરીયા તરફથી પત્ર નં. વીબીડીસીડી/પીએચડી/આઈઓ/આ.નં./૨૦૬૧ તા. ૨૩–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. પીએચડી/આઈઓ/૧૬૫૫ તા. ૦૯–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પત્ર નં. પી.પી.જી./આ.નં./ ૬૧૮ તા. ૨૬–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. પી.પી.જી./આ.નં./૪૧૦ તા. ૫–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઈલેકશન એન્ડ સેન્સસ તરફથી પત્ર નં. ઈલેકશન/૪૫૫ તા. ૨૩–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. ઈલેકશન/૩૮૯ તા. ૦૯–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી નેચરપાર્ક તરફથી અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં. નેચરપાર્ક એન્ડ ઝૂ /૪૯૫ તા. ૨૧–૩–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આકારણી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ /૧૬૬૩ તા. ૨૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં./૧૧૯૧ તા. ૨૨–૧૨–૧૧ના પત્રની નકલ, અરજદારની અન્ય અરજી બાબતે પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ /૧૪૨૧ તા. ૧–૨–૧૨થી આપેલ માહિતી અગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આ.નં./૨૯૪૬ તા. ૨૬–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. એસયુસી/આ.નં./૨૦૧૦ તા. ૨–૧–૧૨ના પત્રની નકલ, મૂળ અરજી તથા તબદીલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પૂરક વિગતોમાં આરોગ્ય અધિકારીની ઓ.ડબલ્યુ નં./પીએચડી/૨૫૯૨ તા. ૨૮–૩–૧૨ની નોંધ, મૂળ અરજીની તથા તબદીલ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં./૯૦૯૩ તા. ૨૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મૂળ અરજી તથા અઠવાઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. એન.ઝેડ/ આઉટ/૬૨૭૪ તા. ૨૦–૧૨–૧૧ના પત્રની તથા પત્રકોની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં. એચઈડી/આઉટ/નં.૩૦૦૦ તા. ૨૩–૧૨–૧૧થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વેઝોન(અઠવા)/આરટીઆઈ /૧૭૧૨ તા. ૨૭–૩–૧૨થી પૂરક વિગોતમાં નોંધ વિભાગ, મૂળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ /૯૭૮ તા. ૨૮–૧૧–૧૧થી તમામ જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કર્યાના પત્રની નકલ, અઠવાઝોન તરફથી શ.વિ.અને શ.ગૃ. વિભાગ સચિવાલય, ગાંધીનગરને પાઠવવામાં આવેલ પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આઉટ/૯૭૭ તા. ૨૮–૧૧–૧૧ના પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલ માહિતી અંગે પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) આરટીઆઈ/આઉટ/૧૧૩૨ તા. ૧૧–૧–૧૨ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપ તથા અરજદારને સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ /આઉટ/૧૦૧૩ તા. ૧૩–૧૨–૧૧થી રેકર્ડ તપાસણી માટે પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી પત્ર નં. બીસઆરટીએસ સેલ /આ.નં./૮૭૪ તા. ૧૮–૧–૧૨થી પૂરક વિગતોમાં મૂળ અરજીની નકલ મળેલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ તરફથી પત્ર ન. હાઉસીંગ/આ.નં./૮૧૭ તા. ૩૦–૧–૧૨થી પૂરક પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં. પીએચડી/આ.નં./૫૬ તા. ૧૧–૪–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપવામાં આવેલ માહિતી અંગે પત્ર નં. જાવક/પીએચડી/ફુડ/૧૧૨૯ તા. ૧૦–૧–૧૨ના પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને વેકશીનેશન બાબતે આપવામાં આવેલી માહિતી અંગે પીએચડી/વીએસસી/૭૪૫ તા. ૦૯–૧–૧૨ના પત્રની નકલ, અરજદારને વીબીડીસી બાબતે આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં. વીબીડીસી/પીએચડી/આઈઓ/૨૦૬૧ તા. ૨૩–૩–૧૨ના પત્રની નકલ તથા વીબીડીસી/આઈઓ/૧૬૫૫ તા. ૦૯–૧–૧૨ના પત્રની નકલ અરજદારને જન્મ–મરણ બાબતે આપવામાં આવેલી માહિતી અંગે પીએચડી/આઉટ/૫૦ તા. ૧૧–૪–૧૨ના પત્રની નકલ, અરજદારને લેપ્રસી કંટ્રોલ યુનિટ બાબતે આપવામાં આવેલ માહિતી પત્ર નં. પીએચડી/લેપ્રસી કંટ્રોલ યુનિટ/૪૪ તા. ૧૦–૪–૧૨ના પત્રની નકલ, અરજદારને કુંટુંબ કલ્યાણ બાબતે પત્ર નં. એફપીબી/ એસએમસી/ ૨૦૧૧–૧૨ નં.૩૫૧ તા. ૧૦–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર નં. પીએચડી/માર્કેટ/૧૪ તા. ૫–૪–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પત્ર નં. એસએમસી/આઈસીડીએસ/આ.નં./૧૨ તા. ૨૩–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ તથા અરજદારને આપેલી માહિતી અંગે આઈસીડીએસ/૨૫૭ તા. ૧૭–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી નર્મદ લાયબ્રેરી તરફથી પત્ર નં. ન.મ.પુ./આરટીઆઈ/જાવક/૯ તા. ૨૭–૧–૧૨થી અરજદારને આપેલી માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં. પીએચડી/આરટીઆઈ /૩૭૮ તા. ૨૨–૧૨–૧૧ ના પૂરક પત્ર અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. એફઈએસ/૪૦ ૪૬ તા. ૨૬–૧૨–૧૧થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળે છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર ન. જીએડી/ઈએસટી/૯૭૩ તા. ૨૫–૧–૧૨ના પત્રની નકલ , જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં. બ્રીજસેલ/આરટીઆઈ /૪૬ તા. ૨૧–૩–૧૨ના પત્રથી પૂરક વિગતોમાં મૂળ અરજીની વિગત , અઠવાઝોનના તબદીલ પત્રની નકલ,નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. બ્રીજસેલ/આરટીઆઈ /આઉટ/૨૪ તા. ૮–૧૨–૧૧ના પત્રની નકલ તથા બ્રીજસેલ/આરટીઆઈ/આઉટ/૩૩ તા. ૨૧–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ.પ્રેસ તરફથી પત્ર નં. મ્યુ. પ્રેસ /આ.નં./૫૦૯ તા. ૨૧–૩–૧૨ના પત્રથી પૂરક વિગતોમા મૂળ અરજીની નકલ ,અઠવાઝોનના તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. મ્યુ. પ્રેસ રેકર્ડ/આઉટ/નં. ૪૪૭ તા. ૨૦–૧–૧૨ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/૧૦૩૬ તા. ૨૦–૩–૧૨થી પૂરક વિગતોમાં મૂળ અરજીની નકલ, અઠવાઝોન તથા મહેકમ વિભાગના તબદીલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે વોચ એન્ડ વોર્ડ/૮૩૪ તા. ૧૬–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૧૪૫ તા. ૨૯–૩–૧૨થી પૂરક વિગોતમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૮૧૬ તા. ૫–૧૨–૧૧ના પત્રની નકલ તથા જીએડી/ઈએસટી/આર/૯૭૩ તા. ૨૫–૧–૧૨ના પત્રની નકલ, રીક્રુટમેન્ટ વિભાગ તરફથી વહેંચવામાં આવેલ

ફોર્મની વિગત, ઈલેકશન ૩૮૯ તા. ૦૯–૧–૧૨ના પત્રની નકલ નોંધ વિભાગ, સ્લમ અપગ્રેડેશન તરફથી આપેલ માહિતી અંગે એસયુસી/૨૦૧૦ તા. ૧–૧–૧૨ના પત્રની નકલ તથા ચીફ કયુરેટર તરફથી સેકશન ઓફિસર પ્રેસને પાઠવવામાં આવેલ પત્ર સા.સે.આ./૧૧૭૦ તા. ૨૭–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી તા. ૨૬–૩–૧૨નો પૂરક પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી સાંસ્કૃતિક તરફથી પત્ર નં. સાંસ્કૃતિક /૪૮ તા. ૩૦–૪–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. સાંસ્કૃતિક/૪૩૩ તા. ૨૦–૧૨–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૧૧–૧૧ની અરજીના પાના નં. ૪થી ૭ પરના મુદ્દા નં. (૧) સૌ પ્રથમ એવું જાહેર કરો કે, તમો તમારા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ પ્રજાજનોને, તમોએ પોતે નિર્ધારિત કરેલ દરે વેરા, ટેક્ષ વિગેરે વસુલ લઈ સેવા યાને કે " SERVICE " પુરી પાડવાની જવાબદારી ઉઠાવો છો. વિ. મુદ્દા નં. (૧) થી (૨૪)ની માહિતી આપવા બાબતેની માહિતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી તા. ૨૧–૧૧–૧૧ના રોજ સા.વે.ઝોન(અઠવા)ખાતે આપવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન/આરટીઆઈ /૯૭૮ તા. ૨૮–૧૧–૧૧થી ઉપરોકત પક્ષકારોમાં જણાવેલ તમામ જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કરવામાં આવેલ. તથા સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૯૭૭ તા. ૨૮–૧૧–૧૧થી શ.વિ. અને શ.ગૃ.વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. જે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને જાહેર માહિતી અધિકારી પત્ર નં. જીએડી/ઈએસટી/૩૩૩૨ તા. ૦૭–૧–૧૨થી જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પી.એન્ડ.ડી), ડે.કમિ. (ફા), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો), ડીન સ્મીમેર મેડીકલ કોલેજ, ઈ.ચા.એકઝી.એન્જી.,આરડીડી અને ગાંધી સ્મૃતિભવન ,એડી.સીટી ઈજનેર (ડ્રેનેજ અને કેનાલ પ્રોજેકટ), એડી.સીટી ઈજનેર બીઆરટીએસ સેલ, ડે.કમિ.શ્રી ઈલેકશન, સાયન્સ સેન્ટર, રીક્રુટમેન્ટ અને આઈએસડી, સ્લમ અપગ્રેડેશન સેલ, એડી.સીટી ઈજનેર તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ સેલ , ફલડ પ્રોટેકટીવ પ્રોજેકટ અને સ્વીમીંગ પુલ, સીટી ઈજનેર હાઈડ્રોલીક ,આરડીડી, સ્ટ્રીટ લાઈટ, બ્રીજસેલ, ગર્વમેન્ટ પ્રોજેકટ એન્ડ લોન, મ. જાહેર માહિતી તમામ ઝોન, ઈન્કવાયરી વિભાગ, ફાયર ખાતુ, નર્મદ લાયબ્રેરી,સાંસ્કૃતિક, ટ્રાફીક સેલ, ગાર્ડન અને ગાર્ડન પ્રોજેકટ સેલ, કાયદા ખાતુ, વોચ એન્ડ વોર્ડ, વર્કશોપ, સેન્ટ્રલ સ્ટોર, સેન્ટ્રલ મેડીકલ સ્ટોર, ફાયરેલીયા મલેરીયા, સરથાણા નેચરપાર્ક, જકાત, પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ, હિસાબી વિભાગ, આરટીઆઈ સેલને તબદીલ કરવામાં આવેલ.

મુદ્દા નં. (૧) સૌ પ્રથમ એવું જાહેર કરો કે, તમો તમારા હદ વિસ્તારમાં સમાવિષ્ટ તમામ પ્રજાજનોને, તમોએ પોતે નિર્ધારિત કરેલ દરે વેરા, ટેક્ષ વિગેરે વસુલ લઈ સેવા યાને કે " SERVICE " પુરી પાડવાની જવાબદારી ઊઠાવો છો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ ઝોન કચેરીના કાર્યોઃ– આરોગ્ય વિભાગઃ– ઝોનના કાર્ય વિસ્તારમાં આવતા સમગ્ર વિસ્તારની સફાઈ, આરોગ્ય ખાતુ ઝોન કાર્ય વિસ્તારમાં સફાઈ, ગટર અને નીકની સફાઈ,(ફુડ) ખોરાક તપાસણી શાખા આરોગ્યને લગતા લાયસન્સના પરવાના, રસીકરણ, કુંટુંબ નિયોજન માર્કેટ વિભાગ–રખડતા ઢોરોનો ત્રાસ દુર કરવો. મેલેરીયા નિયંત્રણ, લગ્ન નોંધણી, જન્મ–મરણ નોંધણી., વી.બી.ડી.સી.વિભાગ :–વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી મચ્છરજન્ય રોગ નિયંત્રણની કામગીરી, એન્ટી–લાર્વલ અને એન્ટી–એડલ્ટ જેવી તમામ કામગીરી, જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાની કામગીરી, વોર્ડ ઓફિસના કાર્યોઃ–વોર્ડ ઓફિસમાં સ્વચ્છતા–સફાઈ, વોર્ડ વિસ્તારમાં જંતુનાશક દવાઓનો છંટકાવ, વોર્ડ વિસ્તારનો ઘનકચરો ભેગો કરી, વહન કરી આખરી નિકાલ કરવો, વોર્ડ વિસ્તારમાં મરેલા જાનવરો(નાના અને મોટા) નો નિકાલ કરવો, બિનખાદ્ય પદાર્થો(દિવાસળી,કેરોસીન, કોલસો, ફટાકડા, વિ.) નું તથા ખાદ્ય પદાર્થોના પરવાના રીન્યુ કરવા, ગલીટેપ સફાઈ, કુવાઓની સફાઈ, વપરાશમાં લેવાતા કુવાઓનું કલોરીનેશન અને પાણીના નમુનાઓનું કલોરીન ટેસ્ટ, ઉપદ્રવ કરતાં નાગરિકો સામે કાનુની કાર્યવાહી, હોટલ, ફેરીયાઓ અને નાની દુકાનોનું આરોગ્ય દ્રષ્ટિથી ચકાસણી, જાહેર શૌચાલયોની સફાઈ , સ્વચ્છતા મુદ્દે સિનેમા હોલ, નાટયગૃહ અને અન્ય જાહેર મનોરંજન સ્થળોનું આરોગ્ય દ્રષ્ટિથી ચકાસણી, રોગચાળાની સ્થિતિ વિશે મૂળભૂત વિગતો મેળવવી અને ઉચ્ચ સત્તાને તુરત જાણ કરવી, ધી બી.પી.એમ.સી.એકટની કલમ–૧૯૪૯ હેઠળ ખાદ્યપદાર્થો અને બિન ખાદ્યપદાર્થોને લાયસન્સ આપવું, આકારણી અને વસુલાત વિભાગઃ– મિલ્કતની આકારણી, મિલ્કતવેરો, શિક્ષણ ઉપકર, વિ. ટેક્ષની વસુલાત, આકારણી સંબંધી અપીલો અને સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતોનું ભાડા વસુલાત વિ. દુકાનો, પેઢી વિ. નોંધણી, રીન્યુ(નવીનીકરણ) અને કાયદા ભંગ માટે ન્યાયાલયમાં ફરીયાદ, ઈજનેરી વિભાગઃ– નવા રસ્તા બનાવવા, રસ્તા પહોળા કરવા, મરામત કરવા, રીકારપેટ કરવા વિ. જાહેર ભંડોળ ઉભુ કરી સોસાયટીના રોડ બનાવવા, નવી ફુટપાથ બનાવવી તેની મરામત કરવી, મહાનગરપાલિકા માટે નવા બિલ્ડીંગ/મકાન બાંધવા અને તેની જાળવણી કરવી, શાળાના મકાનો બાંધવા અને તેની કરવી, ૧/૨" ના રહેણાંક અને ૧" ના ઓદ્યોગિક જોડાણો મંજૂર કરવા, ૨૨" સુધીની મુખ્ય પાણીની નલિકાની દુરસ્તી(રીપેરીંગ), ગેરકાયદેસર પાણીના જોડાણો અંગે કાયદાકીય કાર્યવાહી કરવી, ગંદા પાણીની ફરીયાદનો નિકાલ, જુની લાઈનો દુરસ્ત કરવી, સ્ટેન્ડ પોસ્ટ, મફત જોડાણ, હેન્ડપંપ, ડ્રેનેજની પરવાનગી આપવી, ગેરકાયદેસર ડ્રેનેજ જોડાણ અને ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધ કાયદાકીય કાર્યવાહી, વરસાદી ગટરો નાંખવાની અને નિભાવવાની કામગીરી હંગામી/કાયમી ડ્રેનેજની જાળવણી અને સાફ કરવી, વરસાદી પાણીની નવી વધારાની નીક, વહન દ્રારા નિકાલ કરવો, લો–રાઈઝ બિલ્ડીંગની વસવાટની પરવાનગી અને ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધ કાર્યવાહી, ટાઉન પ્લાનીંગ યોજનાઓના અમલ અને સુવિધા દરની વસુલાત, ઉપદ્રવી વ્યકિત, વસ્તુ સામે કાર્યવાહી અને જર્જરીત મિલ્કત અને કાર્યવાહી, મંડપ બેનર, હોર્ડીંગની પરવાનગી અને જમીન અને મિલ્કતનું ભાડા વસુલી, કાયમી /હંગામી દબાણો દૂર કરવા અને સ્લમ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી, સ્લમ વિસ્તારને વૈકલ્પિક વ્યવસ્થામાં સ્થળાંતર કરાવવું, સોસાયટી વિસ્તારમાં પાણીની નળીકાઓ નાખવી, સોસાયટી વિસ્તારમાં ડ્રેનેજ નળીકાઓ નાખવી,ગટર ઉભરાવવાની ફરીયાદનો નિકાલ કરવો, ઝોન વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટનો કેપીટલ તથા મરામત નિભાવ, સોસાયટીઓમાં સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ આપવી, બાગ બગીચાઓનાં સીવીલ કામની મરામત– નિભાવની કામગીરી. તેવુ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દા નં. ૧ની માહિતી લાગુ પડતી નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સાંસ્કૃતિક તરફથી પત્ર નં. સાંસ્કૃતિક /૪૩૩ તા. ૨૦–૧૨–૧૧થી મુદ્દા નં. ૧ બાબતે આ વિભાગ દ્રારા ચાર્જ વસુલ લઈ કોઈ સેવા પુરી પાડવામાં આવતી નથી. તેવું જણાવેલ.

મુદ્દા નં. (૨) કયા કયા પ્રકારની સેવા પુરી પાડવા માટે તમો સેવા દીઠ કેટ કેટલો ચાર્જ વસુલો છો ? તેની માહિતી પુરી પાડો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સુરત મહાનગપાલિકાના સ્લમ અપગ્રેડેશન વિભાગ મારફત સરકારશ્રીની વિવિધ સબસીડાઈઝ આવાસ યોજના જેવી કે , માન. મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના આર્થિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત EWS આવાસ યોજના, ૨૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત LIG યોજના, વાલ્મીકી આંબેડકર આવાસ યોજના તથા જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન–BSUP ના અમલીકરણની કાર્યવાહી કરવામાં આવે છે. જેના દ્વારા સરકારશ્રીની મળવાપાત્ર સહાય વડે શહેરી ગરીબો/ઝુંપડાવાસીઓને સસ્તા દરનાં આવસોની સુવિધા પુરી પાડવામાં આવે છે. અત્રેના વિભાગના સંકલન હેઠળ તમામ ઝોન દ્વારા નિર્મળ ગુજરાત શૌચાલયનાં બાંધકામની સેવા શહેરી ગરીબોને મફત પુરી પાડવામાં આવે છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ આપશ્રી અત્રેનાં ઝોન વિભાગની વિવિધ વિગતો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ http/www. suratmunicipal. gov.in પર મુકવામાં આવેલ છે. જે જોઈ જવા વિનંતી છે. જો આપશ્રી પાસે વેબ સાઈટ જોવાની સુવિધા ઉપલબ્ધ ન હોય તો અ ત્રેના સા.વે.ઝોન(અઠવા)ઝોન વિભાગમાં રૂબરૂ આવ્યેથી આ સુવિધા આપને મળી શકશે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દા નં. ૨માં (૧) નસબંધી ઓપરેશન(૨)કોપર–ટી (૩) નિરોધ તથા (૪) ઓરલ પીલ્સ વિ. ફ્રીમાં સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સાંસ્કૃતિક દ્વારા પત્ર નં. સાંસ્કૃતિક /૪૩૩ તા. ૨૦–૧૨–૧૧થી વિદ્યાર્થીઓમા કળા અને સંસ્કૃતિના ગુણો ખીલે અને વિકાસ પામે તે હેતુસર ચિત્રકળા, વેશભુષા, નિબંધ, મહેંદી, ડીબેટ વિગેરે જેવી સ્પર્ધાનું આયોજન આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. તેવું જણાવેલ.

મુદ્દા નં. (૩) કયા કયા પ્રકારની સેવા તમો મફત પુરી પાડો છો તેની માહિતી પુરી પાડો. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં. (૨) અને (૩) બાબતે જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં. સ્મીમેર /૨૭૫ તા. ૧૨–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં પાના નંગ ૨૩ પાનાના રૂ. ૪૬ ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ.જેના અનુસંધાને અરજદારે રસીદ નં. ૩૯૩ ૪૨૩ તા. ૨૦–૧૨–૧૧થી સ્મીમેર ખાતે નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ છે તથા સદર રસીદની નકલમાં માહિતી સંતોષકારક રીતે મળી છે તેવું અરજદારે જણાવેલ છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સ્લમ અપગ્રેડેશન વિભાગના સંકલન હેઠળ તમામ ઝોન દ્વારા નિર્મળ ગુજરાત વ્યકિતગત શૌચાલય અંતર્ગત શૌચાલય વિહોણા કુંટુંબોને મફત શૌચાલય બાંધી આપી સરકારશ્રી/સુરત મહાનગરપાલિકાની સંપૂર્ણ સહાય હેઠળ વિનામૂલ્યે સદર સેવા પુરી પાડવામાં આવે છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વેકશીનેશન બ્રાંચ તરફથી પત્ર નં. પીએચડી/વીએસસી/આ.નં./૭૪૫ તા. ૯–૧–૧૨થી કયા કયા પ્ર કારની સેવાઓ મફત પુરી પાડો છો તેવા પ્રશ્ન બાબતે સરકારશ્રી દ્વારા પુરી પાડવામાં આવતી તમામ રસીઓ–વેકસીન(જેવી કે, બીસીજી,પોલીયો, ડીપીટી, હેપેટાઈટીસ–બી,મિઝોલ્સ, વિટામીન–એ, ટી.ટી) પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને વિના મૂલ્યે આપવામાં આવે છે. પાણીજન્ય રોગો ન થાય તે માટે શુધ્ધીકરણ અંગેની ફલોરીન ટેબલેટ(૦.૫ ગ્રામ) નું વોર્ડ ઓફિસ/મોબાઈલ મેડીકલ ટીમોને ફાળવી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી ફાયલેરીયા/મલેરીયા તરફથી પત્ર નં. પીએચડી/આઈઓ/૧૬૫૫ તા. ૯–૧–૧૨થી મુદ્દા નં. ૧ અને ૨ અને કચેરીને લાગુ પડતાં નથી જયારે મુદ્દા નં. ૩ બાબતે સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આવેલી વીબીડીસી વિભાગ તરફથી વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોને કાબૂમાં રાખવાની કામગીરી કરવામાં આવે છે. ઘરે ઘરે ફરીને સર્વેની કામગીરી કરવામાં આવે છે. સદર કામગીરી દરમ્યાન તાવ આવેલ હોય તેવા દર્દીઓના લોહીના નમૂના લઈ ફાયલેરીયા/મલેરીયા લેબોરેટરીમાં સદર લોહીના નમૂનાનું પરીક્ષણ કરવામાં આવે છે ચકાસણી દરમ્યાન મલેરીયા/ફાયલેરીયા પોઝીટીવ કેસ જણાય તો NVBDCT ની ગાઈ ડ લાઈન મુજબ દવા આપવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય જન્મ–મરણ તરફથી પત્ર નં. પીએચડી/આ.નં./૫૦ તા. ૧૧–૪–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતીમાં (૧) જન્મ નોંધવા માટેના ફોર્મ(૨) મરણ નોંધવા માટેના ફોર્મ (૩) નોંધાયેલ જન્મમાં એક વર્ષથી અંદરના બાળકનું નામ દાખલ કરવાના ફોર્મ (૪) લગ્ન નોંધણીના તમામ પ્રકારના ફોર્મ (૫) જન્મ મરણ અને લગ્ન નોંધણી પ્રમાણપત્રની પ્રથમ નકલ પુરી પાડવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી લેપ્રસી કંટ્રોલ યુનીટ દ્વારા પત્ર નં. પીએચડી/લેપ્રસી કંટ્રોલ યુનીટ/૪૪ તા. ૧૦–૪–૧૨ થી મુદ્દા નં ૩માં કયા પ્રકારની સેવા પુરી પાડવા બાબતે સુરત મહાનગરપાલિકા હેઠળ ચાલતાં લેપ્રસી કંટ્રોલ યુનીટ ઉધના, ખટોદરા હેલ્થ સેન્ટરમાં રકતપીતથી પીડાતા નવા અને જુના બધા જ દર્દીઓના કેસ પેપર મફત કાઢવામાં આવે છે અને સારવાર પણ મફત કરવામાં આવે છે. જેમાં દવાઓ અને ડ્રેસીંગની સેવાઓ મફત પુરી પાડવામાં આવે છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દા નં. ૨માં (૧) નસબંધી ઓપરેશન(૨)કોપર–ટી (૩) નિરોધ તથા (૪) ઓરલ પીલ્સ વિ. ફ્રીમાં સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી પત્ર નં. આઈસીડીએસ/ આ.નં./૨૫૭તા. ૧૭–૧–૧૨થી સમય અવધિ બાદ સુરત મહાનગરપાલિકા સંચાલિત આઈસીડીએસ વિભાગ દ્વારા(૧) પુરક પોષણ(૨) અનૌપચારિક પૂર્વે પ્રાથમિક શિક્ષણ (૩) રસીકરણ (૪) આરોગ્ય તપાસ (૫) આરોગ્ય પોષણ શિક્ષણ (૬) સંદર્ભ સેવા મફત પુરી પાડવામાં આવે છે તેવું જણાવેલ છે. . જાહેર માહિતી અધિકારી સાંસ્કૃતિક દ્વારા પત્ર નં. સાંસ્કૃતિક /૪૩૩ તા. ૨૦–૧૨–૧૧થી સાંસ્કૃતિક વિભાગ દ્વારા ઉપર મુજબની કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ સંદર્ભે પ્રસંગને અનુરૂપ બહાર પાડવામાં આવતા ફોર્મ માટે કોઈ ચાર્જ વસુલ લેવામાં આવતો નથી. તેવું જણાવેલ.

મુદ્દા નં. (૪) મહાનગરપાલિકાએ નળ કનેકશન, નામફેર, ગુમાસ્તાધારાના લાયસન્સ વિગેરે માંગવા તથા મેળવવા માટે ઉપરાંત કાર્યક્ષેત્રમાં આવતી અન્ય તમામ પ્રકારની સેવા માંગવા તથા મેળવવા માટે કયા કયા પ્રકારના જે કોઈ પણ છાપેલા ફોર્મ બહાર પાડયા હોય તેની ઊંડાણપૂર્વકની વિગતો દરેક ફોર્મની કિંમત સહિત સવિસ્તાર જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં./૮૨૭ તા. ૧૩–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં વેસ્ટઝોન દ્વારા વેચાણ કરવામાં આવતાં ફોર્મની કિંમત સહિતની સવિસ્તાર માહિતી પાનાદીઠ રૂ. ૨ પ્રમાણે પાના નંગ ૨ના રૂપિયા ૪/– ચાર્જીસ જમા કરાવ્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સુરત મહાનગપાલિકાના સ્લમ અપગ્રેડેશન વિભાગ મારફત JnNURM-BSUP અંતર્ગત સુરત શહેર વિસ્તારમાં શહેરી ગરીબો માટેની આવાસ યોજના હેઠળ ફ્લેટ મેળવવા માટેનું અરજીપત્રક તથા માહિતીપત્રક રૂા. ૨૫/– ની કિંમતનું છપાવવામાં આવેલ છે. જેના કુલ ૧૧ પાના થવા જાય છે. જેની નકલ આ સાથે સામેલ છે.તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આઉટ/૬૨૭૪ તા. ૨૦–૧૨–૧૧થી ફોર્મની કિંમત અંગેનું માહિતી પત્રક પૂરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ આ સાથે માહિતીનાં પત્રકની નકલ સામેલ છે(પાના નંગ ૦૮) તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ફુડ દ્વારા પત્ર નં. પીએચડી/ફુડ/આ.નં./૧૧૨૯ તા. ૧ ૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ પી.એફ.એ. એકટ હેઠળનાં લાયસન્સ મેળવવા માટે બહાર પાડવામાં આવેલ ફોર્મની કિંમત રૂા. ૨૫/– હતી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય જન્મ–મરણ તરફથી પત્ર નં. પીએચડી/આ.નં./૫૦ તા. ૧૧–૪–૧૨થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતીમાં (૧) જન્મ અને મરણના પ્રમાણપત્રની વધારાની નકલ મેળવવા માટેનું ફોર્મ રૂા. ૫/– (૨) નોંધાયેલ જન્મમાં એક વર્ષ બાદ બાળકનું નામ દાખલ કરવા માટેનું ફોર્મ રૂા. ૧૦/– લેવામાં આવે છે તેવું જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧ –૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દા નં. ૨માં (૧) નસબંધી ઓપરેશન(૨)કોપર–ટી (૩) નિરોધ તથા (૪) ઓરલ પીલ્સ વિ. ફ્રીમાં સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. પ્રેસ દ્વારા પત્ર નં. મ્યુ.પ્રેસ/ રેકર્ડ/આ.વ.નં./૪૪૭ તા. ૨૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સુરત મહાનગરપાલિકાએ નળ કનેકશન, નામફેર, ગુમાસ્તા ધારાના લાયસન્સ વિ. માંગવા તથા મેળવવા ઉપરાંત અન્ય પ્રકારની સેવા માંગવા તથા મેળવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ કિંમતવાળા ફોર્મની વિગત પાના નંગ ૧ થી ૩ની વિગતો પુરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં.(૫) તે પૈકીના કેટલા ફોર્મ લેજર પેપર પર તથા કેટલા ફોર્મ સાદા રદી જેવા સફેદ કાગળ પર છાપેલા છે તેની ઊંડાણપૂર્વકની માહિતી આપો/અપાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૪માં જણાવેલ અરજીપત્રક તથા માહિતીપત્રક સ્થાયી સમિતિ ઠરાવ નં. ૪૨૮/૨૦૧૧, તા. ૧–૪–૧૧થી મંજૂર થયેલ યુનીટ રેટથી સપ્ટે.૨૦૧૧ દરમ્યાન કુલ્લ ૧૦,૦૦૦ સેટ ફુલસ્કેપ પેપર છપાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ અત્રેના સા.વ.ઝોન(અઠવા) ઝોન વિભાગે એક ગુમાસ્તા લાયસન્સ(નવું) નમૂનો (અ) ફોર્મ લેજર પેપર છાપેલ હોય છે જયારે બાકી રહેતા તમામ પ્રકારનાં ફોર્મ સાદા કાગળ છાપેલા હોય છે. જે ફોર્મની વિગત દર્શાવતાં પત્રકની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ફુડ દ્વારા પત્ર નં. પીએચડી/ફુડ/આ.નં./૧૧૨૯ તા. ૧૦–૧–૧૨થી નિયત સમય બાદ સદર ફોર્મ લેજર પેપર પર છાપેલા હતા તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દા નં. ૨માં (૧) નસબંધી ઓપરેશન(૨)કોપર–ટી (૩) નિરોધ તથા (૪) ઓરલ પીલ્સ વિ. ફ્રીમાં સેવાઓ પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. પ્રેસ દ્વારા પત્ર નં. મ્યુ.પ્રેસ/રેકર્ડ/આ.વ.નં./૪૪૭ તા. ૨૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૪ અન્વયે તૈયાર કરેલી યાદીમાં લેજર પેપર તથા સફેદ ફુલસ્કેપ પેપર પર થયેલ છાપકામની વિગત ઉપરોકત યાદીના રીમાકર્સમાં અલાયદી રીતે દર્શાવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૬) લેજર પેપર પર છાપવામાં આવતા તથા સાદા રદી જેવા સફેદ કાગળ પર છાપવામાં આવતાં દરેક ફોર્મની તમામ ખર્ચ સહિતની પડતર કિંમત જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૫માં જણાવેલ કુલ ૧૦,૦૦૦ અરજીપત્રક/માહિતીપત્રક છપાવવાના ખર્ચની કુલ કિંમત રૂા. ૪૪૦૧૬/– થયેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ દરેક ફોર્મ બાબતે કાયદાની જોગવાઈ અનુસાર નિયત નમુનામાં જે સક્ષમ સત્તાની મંજૂરી લેવામાં આવે છે. તથા તેની વહીવટી ખર્ચ નક્કી કરી છપાવવામાં આવે છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દો લાગુ પડતો નથી. જાહેર માહિતી અધિકારી મ્યુ. પ્રેસ દ્વારા પત્ર નં. મ્યુ.પ્રેસ/રેકર્ડ/આ.વ.નં./૪૪૭ તા. ૨૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સુરત મહાનગરપાલિકાના પ્રેસ દ્વારા વિવિધ ઝોન/ખાતાની ડીમાન્ડ મુજબ ફોર્મ છાપી રેકર્ડ વિભાગ દ્વારા જે તે ખાતાને વિતરણ કરવામાં આવે છે. જેનો છપાવણી ખર્ચ જે તે વિભાગ/ઝોનમાં ઉધારવામાં આવે છે. પરંતુ તેમાં જે તે ફોર્મવાઈઝ તેની પડતર કિંમતની વિગત રાખવામાં આવતી નથી. ફોર્મની કિંમત સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધિશ દ્વારા નક્કી કરવામાં આવે છે. રેકર્ડ ખાતા દ્વારા નિભાવવામાં આવતા રેકર્ડ ઉપર જે તે ફોર્મવાઈઝ તેની પડતર કિંમતની વિગતો /ગણતરી રાખવામાં આવતી ન હોય આ મુજબનો રેકર્ડ રેકર્ડખાતા પાસે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૭) એવુ પણ જાહેર કરો કે, તમો આ તમામ ફોર્મ તેની પડતર કિંમત પર સારો એવો એટલે કે, અનેક ગણો નફો ચઢાવી પ્રજાજનોને પધરાવો છો અને તેપણ એવી પણ જાણકારી સહિત કે ખરીદનાર તેનો ઉપયોગ કરે કે ન કરે. પ્રજાજનથી ફોર્મ ભરતી વખતે બગડે. ઉપયોગ કરવાના સમયે તેના હાથમાં તેણે ખરીદેલ ફોર્મ તેના હાથમાં ન આવે, તેનાથી ખોવાઈ જાય યા અવળા હાથે મુકાઈ જાય તો તેનું નસીબ. તેને જો તાતી જરૂરત હોય તો તે નવું ફોર્મ ફરીથી ખરીદે. તમારો એટલે કે મનપાનાં નફો કે જે એક

ધંધાદારી કાગદી/કાગઝી કરતાં અનેક ગણો હોય છે તે મનપાની ગાંઠે બંધાઈ જાય. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૪ માં જણાવેલ JnNURM-BSUP અંતર્ગત સુરત શહેર વિસ્તારમાં શહેરી ગરીબો માટેની આવાસ યોજના હેઠળ ફલેટ મેળવવા માટેના અરજીપત્રક તથા માહિતીપત્રકો સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને વિનામૂલ્યે ઝોન કચેરીમાંથી પુરા પાડવામાં આવે છે. તથા સદર અરજીપત્રકો સંપૂર્ણ વિગતો સાથે તથા જરૂરી પુરાવા સહિત ભરાઈ ગયા બાદ રૂા. ૨૫/– લઈ ઝોન કચેરીમાં સ્વીકારવામાં આવે છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ અત્રેની સંસ્થા સેવા આપતી સંસ્થા છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/ નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ મુદ્દો લાગુ પડતો નથી.

મુદ્દા નં.(૮) ઉપરોકત પ્રશ્નના અનુસંધાને એવી પણ આંકડાકીય માહિતી પુરી પાડો કે, ગત વર્ષે (૨૦૧૧–૨૦૧૨ના વર્ષ) તમોએ કેટલી રકમના ફોર્મ વેચ્યા યાને કે SALE કર્યા અને તેમાનાં કેટલા ફોર્મ પ્રજાજન દ્વારા ઉપયોગમાં લેવામાં આવ્યા એટલે કે, તમોએ ફોર્મ વેચીને રોકડી કરી લીધા બાદ કેટલી રજુઆતો તમો સમક્ષ આવી(કેટલા ફોર્મનો ઉપયોગ પ્રજાજનોએ કર્યો) અને હજુ કેટલી રજુઆત આવવાની વકી છે એટલે કે, તમો પાસે ખરીદ કરવા છતાં પ્રજાજનોએ હજુ સુધી તેને ઉપયોગમાં લીધેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૨૭ તા. ૧૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં ગત વર્ષ–૨૦૧૧–૧૨ તા. ૧–૪–૧૧થી તા. ૩૦–૧૧–૧૧ સુધી વેસ્ટઝોન ખાતેથી કુલ રૂ. ૫,૭૬,૧૯૧ની રકમના ફોર્મ વેચવામાં આવ્યા છે તે સિવાયની વેસ્ટઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ /૧૧૯૧ તા. ૨૨–૧૨–૧૧થી સમય અવધિ બાદ સને–૨૦૧૨ના વર્ષમાં તા. ૧–૪–૧૧થી તા. ૩૦–૧૧–૧૧સુધીમાં રૂ. ૩,૭૯, ૩૨૫ના ફોર્મ વેચાણ કરવામાં આવેલ જે પૈકી કેટલા ફોર્મ પ્રજાજનોએ કેટલા ફોર્મ ઉપયોગમાં લીધેલ નથી તેની માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૪ માં જણાવેલ JnNURM-BSUP અંતર્ગત સુરત શહેર વિસ્તારમાં શહેરી ગરીબો માટેની આવાસ યોજના હેઠળ ફલેટ મેળવવા માટેના અરજીપત્રક/માહિતીપત્રકો અત્રેના વિભાગ દ્વારા છપાવી વિતરણ માટે દરેક ઝોન કચેરીમાં મોકલવામાં આવે છે. જેથી સદર માહિતી અત્રેના વિભાગમાં ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ વર્ષ–૨૦૧૧–૧૨નાં વર્ષમાં વેચાણ કરેલ ફોર્મની વિગત પત્રક સામેલ છે અને વેચાણ થયેલ ફોર્મનો ઉપયોગ પ્રજાજન દ્વારા થયો કે બાકી છે તે માહિતી ઉપલબ્ધ નથી તેવું

જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ફુડ દ્વારા પત્ર નં. પીએચડી/ફુડ/આ.નં./૧૧૨૯ તા. ૧૦–૧–૧૨થી નિયત સમય બાદ વર્ષ–૨૦૧૧–૧૨નાં વર્ષમાં (તા. ૧–૪–૧૧થી તા.૪–૮–૧૧ સુધી) અત્રેથી રૂા.૬,૬૭૫/–(એક ફોર્મના રૂા.૨૫/– લેખે કુલ ૨૬૭ ફોર્મ) ની કિંમતના ફોર્મ વેચવામાં આવેલ છે જે પૈકી કુલ–૨૫૦ ફોર્મ અરજી સાથે પરત આવેલ છે બાકીનાં ૧૭ ફોર્મ પરત આવેલ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/ નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ કુંટુંબ કલ્યાણ ખાતા દ્વારા કોઈપણ પ્રકારના ફોર્મનું વેચાણ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૮૧૬ તા. ૫–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં સદર બાબતે રીક્રુટમેન્ટ વિભાગ દ્વારા સને–૨૦૧૦–૧૧ દરમ્યાન જુદી જુદી ખાલી જગ્યાઓની ભરતી કરવા આપવામાં આવેલી જાહેરાત અન્વયે પ્રમાણપત્રો સાથેના ભરાઈને પરત આવેલ અરજી ફોર્મની સંખ્યા રૂા.૫૦/– અરજી ફોર્મ ૧૩૦૫, રૂા. ૨૫/–ના અરજી ફોર્મ ૩૨,૩૦૯, રૂા.૧૦/–ના અરજી ફોર્મ ૧૦૨, ટોટલ અરજી ફોર્મની સંખ્યા ૩૩,૭૧૬ હોવાનું જણાવેલ છે.

મુદ્દા નં. (૯) ગત વર્ષે(૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં) તમોએ કેટલી રકમના ફોર્મ વેચ્યા યાને કે SALE કર્યા તેની આંકડાકીય ઊંડાણપૂર્વકની વિગત ફોર્મ દીઠની આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન મુદ્દા નં. ૮માં જણાવ્યા પ્રમાણે ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના તા. ૧૭–૧૨–૧૧ અને તા. ૨૯–૧૨–૧૧ના પત્ર સંદર્ભે સ્પષ્ટતા કરવા જણાવેલ. ત્યાર બાદ અરજદારને વેસ્ટઝોન /આરટીઆઈ સેલ/આઉટ /નં. ૯૪૮ તા. ૧૩–૧–૧૨થી સ્પષ્ટતા બાદની માહિતી સદર પત્રથી પાના નં. ૩ માં જણાવ્યા પ્રમાણેની માહિતી ફરીથી મોકલવામાં આવેલ જેની નકલ અત્રે રજૂ કરેલ છે જેમાં તા. ૧–૪–૧૧થી તા. ૩૧–૧૨–૧૧સુધીના ફોર્મ વેચાણ અને વિતરણની ખાતા વાઈઝ માહિતી પુરી પડાયેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ /આરટીઆઈ/૧૧૯૧ તા. ૨૨–૧૨–૧૧થી સને–૨૦૧૨ના વર્ષમાં તા. ૧–૪–૧૧થી તા. ૩૦–૧૧–૧૧સુધીમાં અરજદારને અનુક્રમ નં. ફોર્મનું નામ, ફોર્મની સંખ્યા, ફોર્મની કિંમત અને દરેક ફોર્મની કુલ વેચાણ કિંમતની વિગત દર્શાવતું પત્રકમાં માહિતી આપવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે તેમના તા. ૨–૧–૧૨ના પત્રથી ફોર્મના આખા નામ તથા કયા કામ માટે વાપરવામાં આવે છે તે અંગે સ્પષ્ટતા સહ માહિતી માંગવામાં આવેલ. જે અંગે અરજદારને પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ ૧૪૨૧ તા.૧–૨–૧૨થી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આઉટ/૬૨૭૪ તા. ૨૦–૧૨–૧૧થી ફોર્મના વેચાણ અંગેનું માહિતી પત્રક પૂરું પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ ઉકત મુદ્દા નં. ૦૮માં સમાવેશ થઈ જાય છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ફુડ દ્વારા પત્ર નં. પીએચડી/ફુડ/આ.નં./૧૧૨૯ તા. ૧૦–૧–૧૨થી નિયત સમય બાદ વર્ષ–૨૦૧૧–૧૨નાં વર્ષમાં (તા. ૧–૪–૧૧થી તા.૪–૮–૧૧ સુધી) અત્રેથી રૂા.૬,૬૭૫/–(એક ફોર્મના રૂા.૨૫/– લેખે કુલ ૨૬૭ ફોર્મ) ની કિંમતના ફોર્મ વેચવામાં આવેલ છે જે પૈકી કુલ–૨૫૦ ફોર્મ અરજી સાથે પરત આવેલ છે બાકીનાં ૧૭ ફોર્મ પરત આવેલ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ સને–૨૦૧૧–૧૨ના વર્ષમાં કોઈપણ પ્રકારના ફોર્મનું વેચાણ કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારી મ્યુ. પ્રેસ દ્વારા પત્ર નં. મ્યુ.પ્રેસ/રેકર્ડ/આ.વ.નં./૪૪૭ તા. ૨૦–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ ગત વર્ષ–૨૦૧૧–૧૨

દરમ્યાન તા. ૧–૪–૧૧થી તા. ૧૧–૧–૧૨ સુધી અરજી ફોર્મ રેકર્ડ ખાતા દ્વારા વેચાણ કરેલ છે. ફોર્મની કિંમત રૂા. ૨૫/– ફોર્મની સંખ્યા ૮૬ , કુલ રકમ રૂા. ૨૧૫૦, ફોર્મની કિંમત ૫૦, ફોર્મની સંખ્યા ૮, ફોર્મની કુલ રકમ રૂા. ૪૦૦/–નું વેચાણ થયાનું જણાવેલ છે. તેમજ કિંમતવાળા ફોર્મની વિગત પાના નંગ ૧થી ૩ની યાદી પુરી પાડેલ છે.

મુદ્દા નં. (૧૦) તમારા રેકર્ડ મુજબ તમોએ વિતેલા ગત (૨૦૧૧–૨૦૧૨ના વર્ષમાં) જે તે ફોર્મની પડતર કિંમત તથા વેચાણ કિંમત વચ્ચે કેટલો નફો કર્યો ? તેની આંકડાકીય ઊંડાણપૂર્વકની વિગતો આપો/અપાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૫ મુજબ વર્ષ ૨૦૧૧–૧૨માં છપાવવામાં આવેલ અરજીપત્રકો ઝોન કચેરીને વિતરણ કરવા મોકલવામાં આવે છે જેથી ઉપરોકત આંકડાકીય માહિતી અત્રે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/ આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ ઉકત મુદ્દા નં. ૦૮ માં સમાવેશ થઈ જાય છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ સદર મુદ્દો લાગુ પડતો નથી. તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૧૧) આપણે માત્ર આપણા ગુજરાત રાજયની જ વાત કરીએ તો, ગુજરાતની કઈ કઈ મહાનગરપાલિકાઓ તથા નગર પાલિકાઓ આવી રીતે ફોર્મ છપાવી તેની પડતર કિંમત પર અનેક ગણો નફો ચઢાવી આ પ્રકારના ફોર્મનું વિતરણ કરે છે તેની માહિતી આપો/અપાવો.

મુદ્દા નં. (૧૨) ગુજરાતની કઈ કઈ મહાનગરપાલિકાઓ તથા નગર પાલિકાઓ આવી રીતે ફોર્મ છપાવી તેની પડતર કિંમત પર અનેક ગણો નફો ચઢાવી આ પ્રકારના ફોર્મનું વિતરણ કરે છે તેની માહિતી આપો/અપાવો તથા દરેક પ્રકારની સેવાના ફોર્મ સામે તેઓ કેટલી રકમ વસુલ લે છે તેની માહિતી આપો/અપાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સદર માહિતી અત્રેના વિભાગને સ્પર્શતી ન હોય અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા છપાવવામાં આવતાં ફોર્મની બાબતોનો મુદ્દા નં. ૭ માં સમાવેશ થાય છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૧૩) ગુજરાતની કઈ કઈ મહાનગરપાલિકાઓ તથા નગર પાલિકાઓ આવી રીતે ફોર્મ છપાવી તે પ્રકારના છાપેલા ફોર્મ પર જ અરજી કરવામાં આવી હોય તો જ તેને વંચાણે લેવાનો /ધ્યાન પર લેવાનો અભિગમ ધરાવે છે અને પ્રજાજને પોતાના શબ્દોમાં રજુઆત કરી હોય તો તેની ઉપેક્ષા યાને કે NEGLEOT કરે છે અને પ્રજાજનની અરજી દફતરે કરે છે તેની ઊંડાણપૂર્વકની માહિતી આપો/અપાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સરકારશ્રીની યોજના માટે લાભાર્થીઓ પાસે જરૂરી તમામ વિગતો એક સાથે મળે તે માટે નિયત ફોર્મ તૈયાર કરવાની જરૂરિયાત રહે છે જેથી લાભાર્થીની અરજી અધુરી વિગતવાળી ન રહે અને તેની અરજીના નિકાલમાં વિલંબ ન સર્જાય તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૧૪) પડતર કિંમત કરતાં તમોએ મનસ્વી રીતે અનેક ગણી નિર્દિષ્ટ કરેલ કિંમત સૌ પ્રથમ ખર્ચ્યા બાદ જ પ્રજાજનની અરજી
વંચાણે/ધ્યાને લેવાની સત્તા હક્ક અને અધિકાર તમોને ભારતમાં / રાજયમાં પ્રર્વતમાન કયા કાયદાની કઈ કલમ હેઠળ પ્રાપ્ત થયેલ છે. તે બાબતે હમોને જે તે કાયદાના પુરા નામ સહિત તથા આખી કલમ અંગ્રેજી તથા ગુજરાતીમાં લખીને જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ સદર માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૧૫) તમો એટલે કે, " મનપા" સ્વયંને "સેવા સદન" તરીકે ઓળખાવો છો અને આ બાબત ગૌરવ પણ અનુભવો છો શું ? પડતર કિંમત કરતાં તમોએ મનસ્વી રીતે અનેક ગણી નિર્દિષ્ટ કરેલ કિંમત પ્રજાજન પાસે વસુલ્યા બાદ જ તેની અરજી વંચાણે લેવાનો અભિગમ અપનાવ્યા બાદ પણ તમો તમારી જાતને સ્વયંને"સેવા સદન" તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવશો ? શું તમારો આવો મહદ અંશે "જડ" એવો આ અભિગમ વ્યાજબી તથા ન્યાયી ઉપરાંત પ્રજાના હિતનો છે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ ઉપરોકત બાબતનો મુદ્દા નં. ૭ માં સમાવેશ થાય છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૧૬) RTI ACT- 2005 એ માહિતી માંગવા તથા મેળવવા માટેનો કાયદો છે તેનું માહિતી માંગતુ ફોર્મ નંબર "નમૂનો–ક" વિના મુલ્યે, માહિતી માંગનારને પુરૂ પાડવામાં આવે છે. સરાકર સ્વયં તેની પડતર કિંમત સુદ્ધાનો ખર્ચ ઉઠાવે છે. શું તમો એટલે કે આર્થિક રીતે માતબર અને તમામ રીતે સધ્ધર એવી "મનપા" તમારા કરદાતા પ્રજાજન માટે આવી સુવિધા આપવાનું મન ન બનાવી શકો ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં. ૭ મુજબ JnNURM-BSUP અંતર્ગત સુરત શહેર વિસ્તારમાં શહેરી ગરીબો માટેની આવાસ યોજના હેઠળ ફલેટ મેળવવા માટેના અરજીપત્રક તથા માહિતીપત્રકો સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને વિનામૂલ્યે ઝોન કચેરીમાંથી પુરા પાડવામાં આવે છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧૧૩૨ તા. ૧૧–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ RTI ACT- 2005 ના ફોર્મનાં નમૂના સંવિધાન કાયદાની જોગવાઈ અનુસાર નિર્દશ નમૂનામાં નિયત થયેલ હોય જેથી સાદા કાગળ પર, ઝેરોક્ષ કોપી અથવા સાદા કાગળ પર સ્વ હસ્તાક્ષરમાં રજૂ કરી શકાય છે જેના માટે પ્રિન્ટેડ ફોર્મની જરૂર રહેતી નથી તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૧૭) માની લેવામાં આવે છે કે મફત ફોર્મ પુરૂં પાડવાની આ સવલતથી તમોને એટલે કે "મનપા" નુકસાન જવાની વકી છે તો આવા સંજોગોમાં તમો " મનપા" નહી નફો નહીં નુકસાનના ધોરણે એવી નીતી અમલમાં ન લાવી શકો કે જે તે ફોર્મની જેટલી પડતર કિંમત થતી હોય તેટલી જ કિંમત તમારા પ્રજાજન એટલે કે તમારી સેવાના ઉપભોકતા યાને કે " CONSUMER " પાસે વસુલો અને સ્વયંને સાચા અર્થમાં "સેવા સદન" તરીકે ઓળખાવવાનું બનાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ JnNURM-BSUP અંતર્ગત આવાસ યોજના હેઠળ ફ્લેટ મેળવવા માટેના અરજીપત્રક તથા માહિતીપત્રક સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને મુદ્દા નં. ૭ ની વિગતે પુરા પાડવામાં આવે છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૧૮) તમો " મનપા" નો હાલનો અભિગમ મારા સહિત તમામ પ્રજાજનના મનમાં તમો "સેવા સદન"ને બદલે "મેવા સદન" તરીકેની છાપ ઊભી કરે છે તે સાથે તમો ખેલદિલીપૂર્વક સહમત છો ?

મુદ્દા નં. (૧૯) પ્રજાએ તમારામાં વિશ્વાસ દાખવી તમને "નગર સેવક " તરીકે ચૂંટી કાઢી તેમનું હિત કરવા તમોને " મનપા" નો વહીવટ સોંપ્યો અને તમો બધા એક થઈ ૧૦૦% બહુમતિથી એક એવો ઠરાવ પસાર કરી દો કે જેમાં મતદાતા/પ્રજાજનોનું લેશમાત્ર હિત ન હોય અને માત્ર અને માત્ર અહિત જ હોય એવો ઠરાવ તમારા મતે શું ? કયાંય પણ ન પડકારી શકાય તેવો પથ્થરની લકીર સમાન કાયદો બની જાય છે ?

મુદ્દા નં. (૨૦) એવી પણ લેખિતમાં જાહેરાત કરો કે તમોને ભારતીય રાજય બંધારણે તેના નાગરિકોને બક્ષેલ મુળભુત બંધારણીય હક્કો પૈકી એક " પોતાની રજુઆત પોતાના શબ્દોમાં પોતાની રીતે કરવાનો હક્ક" તથા તેને સંલગ્ન અન્ય હક્કો યાને કે FUNDAMENTAL RIGHTS બાબતેની ઊંડાણપૂર્વકની માહિતી છે અને તમારો એટલે કે સુરત મહાનગરપાલિકાનો આવા પ્રકારનો અભિગમ જેવા કે, સૌ પ્રથમ ભારતનો નાગરિક પડતર કિંમત કરતાં તમોએ મનસ્વી રીતે અનેક ગણી નિર્દિષ્ટ કરેલ કિંમત સૌ પ્રથમ ખર્ચ્યા બાદ જ જો રજુઆત કરે તો જ તેની માંગણી/અરજી ધ્યાન પર લેવાનો અન્યથા તેની અરજી દફતરે કરી દેવાનો અભિગમ કોઈ પણ પ્રકારે/ કોઈ પણ રીતે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે DIRECTLY OR INDIRECTLY ભારતના નાગરિકને, ભારતના રાજય બંધારણ દ્વારા પ્રાપ્ત કરવા /કરાવવામાં આવેલ કોઈ પણ પ્રકારના બંધારણીય મુળભુત હક્ક/અધિકારી ઉપર તરાપ મારનાર નથી કે તેને ટુંકો કરનાર નથી. "TAKES AWAY/ OR ABRIDGES " નથી તેવી લેખિતમાં જાહેરાત કરો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ અત્રેના વિભાગને સ્પર્શતા આવાસ યોજનાના અરજીપત્રકો બાબતે મુદ્દા નં. ૭ના જવાબ મુજબનો અભિગમ દાખવેલ છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૨૧) તમો પાસે ચાર્જ સામે સેવા અથવા અન્ય પ્રકારની તમોએ નિર્ધારિત કરેલ મફત સેવા જેવી કે, મિલકતમાં નામફેર કરવાની બાબતની પોતાના શબ્દોમાં, પોતાની રીતે રજુઆત કરવાના પ્રજાજનના બંધારણીય હક્ક તથા અધિકાર પર તમો તરફેથી પ્રતિબંધ લાદી દેવામાં આવેલ છે તેનો લેખિતમાં એકરાર કરો, અને જો તેમ ન હોય તો, તે માટેના સમજમાં આવે તેવા યાને કે CONVINCING કારણો આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ આ મુદ્દાનો સમાવેશ ઉપરોકત મુદ્દા નં. ૨૦ માં જવાબ થાય છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૨૨) એવી પણ જાહેરાત કરો કે, તમારી હદ/મર્યાદામાં વસવાટ કરનાર તથા તમો તરફેથી આપવામાં આવતી મફત યાને કે FREE તથા ચાર્જ સામે સેવા માંગનાર તથા મેળવનાર " SERVICE AGAINST PAYMENT " મેળવનાર તમામ પ્રજાજન " વપરાશકર્તા યાને કે "CONSUMER" છે તેવું તમો દઢપણે માનો છો તથા અને /અથવા તે તમામ પ્રજાજનનો તમારી સમજ મુજબ "CONSUMER" ની વિશાળ વ્યાખ્યામાં સમાવેશ થાય છે તેવી તમને સમજ છે જ . આમ છતાં આ સામે તમારો કોઈ વાંધો / વિરોધ હોય તો તે બાબતે સ્પષ્ટતા કરો.

મુદ્દા નં. (૨૩) એવી પણ જાહેરાત કરો કે, પ્રથમ દર્શને જ પ્રજાજનોને ભારતના રાજય બંધારણે તેમને બક્ષેલા મુળભુત અધિકાર પર તરાપ મારતો, એટલે કે, પોતાના શબ્દોમાં, પોતાની રજુઆત કરવાના હક્ક /અધિકાર પર BAN મુકવા ઉપરાંત તમોએ છપાવેલા ફોર્મમાં જ અરજી કરવાનું ફરજીયાત બનાવવા ઉપરાંત જે તે ફોર્મની પડતર કિંમત પર બેફામ નફો ચઢાવીને પોતાની રીતે નક્કી કરવામાં આવેલ મનસ્વી કિંમત જે તે " CONSUMER " ખર્ચે ત્યાર બાદ જ તેની અરજી પર વિચારવાનું મન બનાવવાનો નિર્ણય કરનાર તમો (મનપા) આજે પણ તમોને સેવા આપનાર સંસ્થા તરીકે ગણવા /ગણાવવાનો અભિગમ ધરાવો છો /દાવો કરો છો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ આવાસ મેળવવા બાબતના અરજીપત્રકો બાબતે મુદ્દા નં. ૭ ની વિગતોના અભિગમ અપનાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (૨૪) આ બધી રજુઆત બાદ તમોને તમારા વ્યવહારમાં " પારદર્શિતા" યાને કે " CRYSTAL CLEARNESS" હોવાનો અહેસાસ થાય છે ખરો ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ / નં. ૨૦૧૦ તા. ૦૨–૧–૧૨થી નિયત સમય અવધિ બાદ અત્રેના વિભાગ મારફત સ્થળાંતર પાત્ર ઝુંપડાવાસીઓને જે આવાસો ફાળવવાની કાર્યવાહી કરવામાં આવે છે તે અધિકારીઓ, પદાધિકારીઓ અને લાભાર્થીઓની હાજરીમાં જાહેર ડ્રો થી પારદર્શક પધ્ધતિથી કરવામાં આવે છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (A) ગુજરાત રાજયના જાબાંઝ માહિતી કમિશ્નર શ્રી દાસે શ્રી સી.વાય.ભટ્ટને તેમની બેદરકારી બદલ જવાબદાર ઠેરવી રૂા. ૧૬,૦૦૦/– અંકે રૂપિયા સોળ હજાર પૂરાની માતબર રકમનો આકરો દંડ ફટકારેલ છે તે દંડ તેઓએ સ્વેચ્છાએ જાતે જમા કરાવેલ હતો કે પછી તેમના પગારમાંથી તે રકમ કાપી લેવાની ફરજ પડેલ હતી ? અને / અથવા " મનપા" દ્વારા તેમના લાડીલા અને માહિતી ન આપીને પરોક્ષ રીતે " મનપા" નું હિત કરનારા આ લાડીલા શ્રી સી.વાય. ભટ્ટ પર આ દંડની રકમનું ભારણ જ આવે તે માટે તેમને અન્ય રીતે " COMPENSATE" કરી આપવામાં આવેલ હતી ? તે બાબત વિગતે સમજાવો. તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી મુખ્ય હિસાબનીશ તરફથી પત્ર નં. એકા/આરટીઆઈ /૮૩ તા. ૧૧–૧–૧૨થી સદર દંડની રકમ શ્રી સી.વાય. ભટ્ટ દ્વારા સ્વેચ્છાએ પ્રથમ હપ્તો રૂ. ૮૦૦૦ તા. ૧૯–૮–૧૦ના રોજ નિયત કરેલ ચલણમાં ચલન નં. ૨૯૫થી તેમજ દંડની રકમનો બીજો હપ્તો રૂ. ૮૦૦૦ તા. ૦૯–૦૯–૧૦ના રોજ નિયત કરેલ ચલણમાં ચલન નં. ૧૩૦ થી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નાનપુરા જમા કરાવેલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરોથી પત્ર નં. એફપીબી/એસએમસી/૧૧–૧૨/નં. ૩૫૧ તા. ૧૦–૧–૧૨થી સમય અવધિ બાદ સદર મુદ્દો લાગુ પડતો નથી.

મુદ્દા નં. (B) ઉપરોકત વસુલવામાં આવેલ દંડની રકમનું શું કરવામાં આવેલ છે ? હાલ આ રકમ કોના કબજામાં તથા તેનો શો ઉપયોગ કરવામાં આવેલ છે ? તે બાબતેની ઊંડાણપૂર્ણકની માહિતી પૂરી પાડો. તેવા પ્રશ્ન બાબતે સદર પત્ર નં. એકા/આરટીઆઈ / ૮૩ તા. ૧૧–૧–૧૨થી સદર રકમ રાજય સરકારશ્રીમાં જમા કરાવેલ છે તેવું જણાવેલ છે.

મુદ્દા નં .(C) RTI Act- 2005 ની આદેશાત્મક(shall) જોગવાઈને લક્ષમાં લેતાં, જે તે જાહેર માહિતી અધિકારીને આ પ્રકારનો દંડ યાને કે Penalty કોઈ પણ સમક્ષ યાને કે COMPETENT AUTHORITY તરફેથી કરવામાં આવેલ હોય તો તેવી નોંધ જે તે કર્મચારીના SERVICE FOLDER માં કરવી તેવો આદેશ કરવામાં આવેલ છે જેને લક્ષમાં લેતાં, શ્રી સી.વાય.ભટ્ટના SERVICE FOLDER માં આ પ્રકારની નોંધ કરવામાં આવેલ છે કે કેમ ? તેની હમોને ઊંડાણપૂર્વકની માહિતી આપો અને શ્રી સી.વાય.ભટ્ટના SERVICE FOLDER માં કરવામાં આવેલ જેતે નોંધની હમોને Cerified Zerox Copy આપો /અપાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફ થી સી.વાય.ભટ્ટ ને આરટીઆઈ એકટની કલમ–૨૦(૧) હેઠળ રૂ. ૧૬૦૦૦ના દંડની સર્વિસ બુકના પાનાની ઝેરોક્ષ પત્ર નં. જીએડી/ ઈએસટી/ ૩૧૨૯ તા. ૨૧–૧૨–૧૧થી મોકલવામાં આવેલ તેવું જણાવેલ છે.

મુદ્દા નં. (D) જો શ્રી સી.વાય.ભટ્ટના SERVICE FOLDER માં આવી કોઈ નોંધ મારવા/મરાવવામાં ન આવી હોય તો તે માટેના વિગતવાર કારણો મને જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પાના નં. સી ની પૂર્તતા મુજબ તેવું જણાવેલ છે તેમજ અત્રે પણ સર્વિસબુકમાં નોંધ કર્યા અંગેની નકલ રજૂ કરેલ છે.

જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૬૭૧ તા. ૧૯–૩–૧૨ના પૂરક પત્રમાં અત્રેના વિભાગને કોઈ મુદ્દો સ્પર્શતો નથી તેવું જણાવેલ છે. મ.જાહેર માહિતી અધિકારી અને આસી.લો–ઓફિસર તરફથી પત્રનં. આ.લો/૪૮૦ તા. ૧૬–૧–૧૨થી અરજીમાં માંગેલ માહિતી કાયદા ખાતાને લગતી નથી તેવું જણાવેલ છે. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(આરડીડી) ના પત્ર નં. આરડીડી/આઉટ/૫૯૬ તા. ૧૩–૧૨–૧૧થી રોડ ડેવલપમેન્ટ હેડ કવાર્ટરને સ્પર્શતી ન હોઈ, માહિતી નીલ હોવાનું જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પત્ર નં. આરડીડી/આ.નં./૭૭૮ તા. ૧૫–૨–૧૨થી પૂરક વિગતોમાં પણ રોડ ડેવલપમેન્ટ વિભાગને મુદ્દા નં. એ, બી, સી અત્રેના ખાતાને લાગુ પડતા ન હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર તરફથી પત્ર નં. સીએમએસ/આઉટ/નં. ૧૯૨૩ તા. ૨૦–૩–૧૨ની પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે તેઓના પત્ર નં. સીએમએસ/આઉટ/ નં.૧૪૭૧ તા. ૨૦–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં માહિતી સેન્ટ્રલ મેડીકલ સ્ટોરને લાગુ પડતી નહીં હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી જકાત તરફથી પત્ર નં. ટીઓસી/૧૦૧ તા. ૧૩–૧૨ –૧૧થી ગુજરાત રાજય સરકારશ્રીના તા. ૧૨–૦૯–૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૪૫/૨૦૦૭/જકત/૮૦૨૦૦૭/૧૯૬૩–પી તા. ૧૫–૧૧–૦૭થી અમલમાં આવે તે રીતે જકાત બંધ કરવામાં આવેલ હોવાથી અરજીના અનુસંધાને માંગેલ માહિતી નીલ છે તેવું જણાવેલ છે તથા પત્ર નં. ટીઓસી/૧૧૬ તા. ૧૩–૧–૧૨થી પુન : પણ જણાવવામાં આવેલ છે. વધુમાં તે અંગેના જાહેરનામાની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ તરફથી પત્ર નં. ટ્રાફીક સેલ/આઉટ/નં.૧૮૩૪ તા. ૧૮–૧–૧૨થી ટ્રાફીક સેલ વિભાગમાં કોઈપણ જાતના ફોર્મનું વિતરણ કરવામાં આવતું ન હોઈ, ટ્રાફીક સેલ વિભાગની માહિતી નીલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં. સી/૨૬૦૦/એ તા. ૩૧–૧–૧૨થી પાના નં. ૧ થી ૪ માં કોઈ માહિતી માંગેલ હોય તેવું જણાતું નથી. મુદ્દા નં. ૩ માં તમામ ઝોન/ તમામ ખાતાના જાહેર માહિતી અધિકારીઓને સીધો લાગુ પડે છે. મધ્યસ્થ કચેરીનું કાર્યક્ષેત્ર વહીવટ/ કામગીરી અંગેની કોઈ માહિતી આપવાની રહેતી નથી. મુદ્દા નં. ૪ રેકર્ડ વિભાગને વધુ નિકટતાથી સ્પર્શતી બાબત જણાય છે. મધ્યસ્થ કચેરીના કાર્ય સંબંધી કોઈપણ આપેલા ફોર્મ બહાર પાડવામાં આવ્યા નથી. મુદ્દા નં. ૫ થી ૧૦ મધ્યસ્થ કચેરી તરફથી કોઈ ફોર્મ બહાર પાડેલ ન હોય કોઈ માહિતી આપવાની રહેતી નથી.મુદ્દા નં. ૧૧ થી ૧૪ અન્ય મહાનગરપાલિકાને લગતી માહિતી હોઈ, અરજદારે જે તે સંબંધિત જાહેર સત્તામંડળ પાસેથી વિગત પરભારે મેળવવા યોગ્ય કરે તે હિતાવહ જણાય છે. મુદ્દા નં. ૧૬ રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. સુચન તરીકે વધારે યોગ્ય છે. મુદ્દા નં. ૧૭ માહિતી માંગવા કરતાં સુચન તરીકે વધુ યોગ્ય છે. મુદ્દા નં. ૧૮ કોઈ માહિતી માંગવામાં આવી હોય તેવું જણાતું નથી. મુદ્દા નં. ૧૯ કોઈપણ જાહેર માહિતી અધિકારીને લગતી બાબત નથી. મુદ્દા નં. ૨૦ કોઈપણ માહિતી માંગવામાં આવી હોય તેવું જણાતું નથી. કોઈપણ જાહેરાત માહિતી અધિકારીને લાગત જણાતી નથી. મુદ્દા નં. ૨૧મધ્યસ્થ કચેરીને લાગત બાબત નથી. મુદ્દા નં. ૨૨ અને ૨૩ મધ્યસ્થ કચેરીને લાગત કોઈ કામગીરી માહિતી બાબતે જણાતી નથી. મુદ્દા નં. ૨૪ મધ્યસ્થ કચેરીને લાગત કોઈ કામગીરી માહિતી બાબતે જણાતી નથી. રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે. પાના નં. ૮ ફકરો ૧ માહિતી કઈ રીતે પૂરી પાડવી તેની અનૂકુળતા દર્શાવેલ છે. ફકરા નં. ૨ અને ૩ માહિતી/કામગીરીની વિગતો નિર્દેશીત કરવામાં આવેલ છે. પાના નં. ૯ અને ૧૦ અરજદારે માહિતી મેળવવાના પ્રકાર તથા અંગત માહિતી નક્કી કરેલ જણાય છે માહિતી માંગેલ જણાતું નથી. પાના નં. ૧૧નો પુર્વાર્ધ માહિતી માંગેલ હોવાનું જણાતું નથી.

તથા ઉતરાર્ધ A, B, C મધ્યસ્થ મહેકમ વિભાગને લગતી બાબત છે. D મધ્યસ્થ કચેરીના સંદર્ભે આવો કોઈ પ્રશન ઉપસ્થિત થયેલ નથી. પાના નં. ૧૨ માહિતી માંગવામાં આવેલ હોવાનું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં. ઓટો વર્કશોપ/આઉટ/નં. ૮૪૪ તા. ૨૦–૧૨–૧૧થી અરજીની વિગતો જોતાં મ્યુ. વર્કશોપ ખાતાને લગતો કોઈ મુદ્દો ન હોય, કોઈ માહિતી આપવાની રહેતી નથી. જાહેર માહિતી અધિકારી આકારણી સેન્ટ્રલ સેલ પત્ર નં. એઆરડી સેલ/૩૩૪ તા. ૧૯–૩–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં અરજી સેન્ટ્રલ સેલ વિભાગને તબદીલ કરવામાં આવેલ ન હોય આ વિભાગ તરફથી કોઈ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ દ્વારા અરજદારને પત્ર નં. જીએડી/ઈએસ ટી/૩૧૧૭ તા. ૧૯–૧૨–૧૧થી માહિતીના પાના નંગ ૨ ના પ્રતિ પાનાદીઠ રૂ. ૪ ભરપાઈ કર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ જે અંગે અરજદારે રસીદ નં. ૧૧૭૬૧૭ તા. ૨૦–૧૨–૧૧થી રૂ.૪ ભરપાઈ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન વિભાગ તરફથી પત્ર નં. પી.પી.જી./૧૩૫૭ તા. ૧–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં અરજીમાં માંગેલી જરૂરી માહિતી દસ્તાવેજોની વિગત અત્રેની કચેરીને લાગુ પડતુ ન હોય, તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં. ટીપીડી/આરટીઆઈ /૪૫૭ તા. ૨૦–૧૨–૧૧થી સદર અરજીમાં જણાવેલ જુદા જુદા મુદ્દાઓની માહિતી ટાઉન પ્લાનીંગ ખાતા હેઠળ આવતી ન હોય ટાઉન પ્લાનીંગ ખાતાની કચેરીએથી ઉકત બાબતે કોઈ વિગત આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ /આઉટ/૪૫ તા. ૧૯–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં જણાવવામાં આવે છે કે સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર માટે ડ્રેનેજ સુવિધા પુરી પાડવા સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવે છે તથા તેનો સેવાદીઠ ચાર્જ અને મફત સેવા અંગેની માહિતી કુલ ૧૬ પેઈજના પ્રતિ રૂ ૨ લેખે રૂ ૩૨ /– ભરપાઈ કર્યેથી માહિતી પ્રાપ્ત કરી શકશો તેવું જણાવેલ. જે અંગે અરજદારે ફી ભરપાઈ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ ગાર્ડન તરફથી પત્ર નં. પી.પી.જી./આઉટ/નં.૪૧૦ તા. ૫–૧૨–૧૧થી અરજદારની અરજીના મુદ્દા નં. ૨થી ૨૪ તથા પૂરક માહિતીના મુદ્દા નં. એ થી ડી સુધીની માંગેલ માહિતી ગાર્ડન પ્રોજેકટ સેલને સ્પર્શતી નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ઈલેકશન તરફથી પત્ર નં. ઈલેકશન/૩૮૯ તા. ૦૯–૧–૧૨થી સમય અવધિ બાદ ઈલેકશન એન્ડ સેન્સસ વિભાગની માહિતી નીલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી નેચરપાર્ક તરફથી અરજીના મુદ્દા નં. ૧ થી ૨૪ તથા ઈ–મેઈલ સંદર્ભે નેચરપાર્ક સરથાણા વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારનું ફોર્મ વિતરણ કરવામાં આવતું નથી તેથી તે માહિતી નીલ છે જયારે અરજીના મુદ્દા નં. ૨ અને ૩ બાબતે નીચે મુજબની માહિતી પુરી પાડેલ છે.

ઝુના પ્રવેશ ફીના દર (માથાદીઠ)
વિભાગ–અ

| અ.નં. | વિગત | ફીની વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ વર્ષથી વધુ વયની વ્યકિત દીઠ | રૂા.૧૦.૦૦ |
| ૨. | ૫ થી ૧૨ વર્ષના બાળકો તથા સિનિયર સિટીઝનદીઠ(૬૫ વર્ષ કે તેથી વધુ) | રૂા.૫.૦૦ |
| ૩. | ૫ વર્ષથી નીચેના બાળકો | વિના મુલ્યે |
| ૪. | પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા શૈક્ષણિક સંસ્થા(પ્રા. શાળા તથા મા.શાળા)ના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ | રૂા. ૨.૦૦ |
| ૫. | ડબલ્યુ.ડબલ્યુ.એફ કે પ્રાકૃતિક સંસ્થા જેવી પ્રવૃતિઓ સાથે સંકળાયેલ કે શાળા કે કોલેજમાં વન્યજીવ તથા જંગલ ઉપર સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે | રૂા. ૨.૦૦ |
| ૬. | મહિલા સંરક્ષણ કેન્દ્રો, અનાથાશ્રમ, અપંગ અને માનસિક રીતે પછાત માટેની સંસ્થાઓ તથા કાચી ઉંમરના ગુનેગારની સંસ્થાોઓ માટે | વિના મુલ્યે |
| ૭. | પરદેશીઓ( માર્ગદર્શક નકશા સાથે) | રૂા. ૫૦.૦૦ |
| ૮. | પરદેશીઓના બાળકો (૫થી ૧૨ વર્ષની વયના)(માર્ગદર્શક નકશા સાથે) | રૂા.૩૦.૦૦ |
| ૯. | ફોટોગ્રાફી માટેના દરઃ સાદા કેમેરા(એક દિવસ) | રૂા. ૫.૦૦ |
| | ઘરગથ્થુ વિડિયો કેમેરા(એક દિવસ) | રૂા. ૧૦૦.૦૦ |
| | વ્યવસાયિક કેમેરા/વિડિયો કેમેરા(એક દિવસ) | રૂા. ૫૦૦.૦૦ |

બટરફલાય ગાર્ડન અને ઈન્સેકટ કિંગડમ માટેના પ્રવેશ ફીના દર (માથાદીઠ)
વિભાગ–બ

| અ.નં. | વિગત | ફીની વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ વર્ષથી વધુ વયની વ્યકિત દીઠ | રૂા.૧૦.૦૦ |
| ૨. | ૫ થી ૧૨ વર્ષના બાળકો તથા સિનિયર સિટીઝનદીઠ(૬૫ વર્ષ કે તેથી વધુ) | રૂા.૫.૦૦ |
| ૩. | ૫ વર્ષથી નીચેના બાળકો | વિના મુલ્યે |
| ૪. | પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા નગર પ્રથમિક સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓ માટે | વિના મુલ્યે |
| ૫. | મહિલા સંરક્ષણ કેન્દ્રો, અનાથાશ્રમ, અપંગ અને માનસિક રીતે પછાત માટેની સંસ્થાઓ તથા કાચી ઉંમરના ગુનેગારની સંસ્થાોઓ માટે | વિના મુલ્યે |
| ૬. | પરદેશીઓ | રૂા. ૨૦.૦૦ |
| ૭. | પરદેશીઓના બાળકો (૫થી ૧૨ વર્ષની વયના) | રૂા.૧૦.૦૦ |
| ૮. | પરદેશીઓના બાળકો(૫ વર્ષની નીચેના ) | વિના મુલ્યે |

જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ તરફથી આપેલી પૂરક વિગતોમાં તેમની અરજી આઈસીડીએસ

વિભાગને સ્પર્શતી ન હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક વિભાગ તરફથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ર લાગુ પડે છે જે બાબતે પત્ર નં. એચઈડી/આઉટ/નં. ૩૦૦૦ તા. ર૩–૧ર–૧૧થી નિયત સમય અવધિ બાદ નાગરિકોને પૂરા પાડવામાં આવતાં પાણી પુરવઠા માટે વસુલવામાં આવતાં વોટર ચાર્જ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www. suratmunicipal. gov.in પર પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળ આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ /આઉટ/નં.૧૦૧૩ તા. ૧૩–૧ર–૧૧થી નિયત સમય અવધિમાં અરજદારને તા. ૧૬–૧ર–૧૧ના રોજ ૪ થી ૬ કલાક દરમ્યાન મહેકમ વિભાગ અઠવાઝોનની કચેરીમાં ચકાસણી કરી જરૂરી માહિતીની વિગતો નોંધી લઈ નકલદીઠ રૂા. ર તથા અન્ય જરૂરી દસ્તાવેજ ફી ભરી માહિતીની નકલ મેળવી લેવા પણ જણાવવામાં આવેલ છે. અઠવાઝોન દ્વારા અરજદારને સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૧ર૪૮ તા. ૭–ર–૧રથી પણ અરજદારને અગાઉ આપેલી માહિતી સંદર્ભે માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ સેલ દ્વારા પત્ર નં. બીઆરટીએસ સેલ/આ.નં./૮૭૪ તા. ૧૮–૧–૧રથી અરજદારની અરજી તથા ઈ–મેઈલ બાબતે બીઆરટીએસ વિભાગમાં હાલ કોઈ પણ પ્રકારના ફોર્મનું વેચાણ કરવામાં આવતું ન હોય , બીઆરટીએસ સેલની માહિતી નીલ છે. જાહેર માહિતી અધિકારી હાઉસીંગ વિભાગ તરફથી હાઉસીંગ /આ.નં./૮૧૭ તા. ૩૦–૧–૧રથી અરજદારની અરજીના મુદ્દા નં. ૧થી ર૪ તથા ઈ–મેઈલ તરફથી હાઉસીંગ વિભાગ દ્વારા કોઈપણ પ્રકારનું ફોર્મ વિતરણ કરવામાં આવતું નથી.જેથી માહિતી નીલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર નં. પીએચડી/માર્કેટ/૧૪ તા. પ–૪–૧રથી પૂરક વિગતોમાં અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે માર્કેટ ખાતાનો રીપોર્ટ નીલ છે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં. પી.પી.જી./આ.નં./૧૬૯૭ તા. ર૦–૧–૧રથી સમય અવધિ બાદ અરજીમાં માંગેલી માહિતી ગાર્ડન કચેરીને લાગુ પડતું ન હોય નીલ રીપોર્ટ લેવાનું જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તરફથી પત્ર નં. ન.મ.પુ./આરટીઆઈ /જા./નં.૯ તા. ર૭–૧–૧ર સમય અવધિ બાદ અરજદારની માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ર થી ૬ અને ૮માં માંગવામાં આવેલ આંશિક માહિતી પત્ર નં. ન.મ.પુ./આરટીઆઈ/ જા./નં.૮ તા. પ–૧–૧રથી આપવામાં આવેલ છે સરખા પ્રકારની માહિતી તેઓના પત્ર દ્વારા તા. ર૯–૧ર–૧૧ના પત્ર ૧૩/૧૧–૧રથી ફરીથી માંગવામાં આવેલ હોય ન.મ.પુ. ખાતેથી વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે.જાહેર માહિતી અધિકારી ફાયર વિભાગ તરફથી અરજદારને એફઈએસ/આ.નં/૪૦૪૬ તા. ર૬–૧ર–૧૧થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૯૭૩ તા. રપ–૧–૧રથી નિયત સમય અવધિ બાદ ડે.કમિ. ના તાબા હેઠળના ખાતાઓ બાબતે મુદ્દાઓની માહિતીના પાના નંગ ૬ થાય છે જેમા રીક્રુટમેન્ટ વિભાગની માહિતીના પાના નં.૧, સાયન્સ સેન્ટર વિભાગની માહિતીના પાના નંગ ર અને ૩ તેમજ સ્લમ અપગ્રેડેશનના માહિતીના પાના નં ૪,પ અને ૬ની યાદીની તા. ૧–૧–૧૦થી તા. ૩–૧ર–૧૧ સુધીની આપવામાં આવેલ જાહેરાતની વિગત, ખાલી જગ્યાનું નામ, આવેલ અરજીની સંખ્યા, અરજી ફોર્મની કિંમત અને કુલ રકમ સહિતની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી બ્રીજસેલ તરફથી પત્ર નં. બ્રીજસેલ/આરટીઆઈ /આ.નં./ર૪ તા. ૮–૧ર–૧૧થી નિયત સમય અવધિમાં અરજદારને અરજીના મુદ્દા નં. ૧ થી ર૪ બાબતે બ્રીજસેલ વિભાગની માહિતી નીલ છે તેવું જણાવેલ છે તથા પત્ર નં. બ્રીજસેલ આરટીઆઈ/આ.નં./૩૩ તા. ર૧–૧–૧રથી નિયત સમય અવધિ બાદ અરજદારની અરજી તથા ઈ–મેઈલથી માંગેલ માહિતી બાબતે બ્રીજસેલ વિભાગ દ્વારા કોઈપણ પ્રકારના ફોર્મનું વિતરણ કરવામાં આવતું નથી. આ કોઈપણ કામગીરી બ્રીજસેલ વિભાગ દ્વારા કરવામાં આવતી નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડ તરફથી પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/૮૩૪ તા. ૧૬–૧–૧રથી સમય અવધિ બાદ અરજદારની માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ર૪ના અનુસંધાનમાં વોચ એન્ડ વોર્ડ ખાતાની માહિતી નીલ છે તેવું જણાવેલ છે.

જે અંગે અરજદારે અઠવાઝોનના પી.આઈ.ઓ.ના તા. ૧૩–૧ર–૧૧ પત્ર ક્રમાંક સા.વે.ઝોન(અઠવા) આરટીઆઈ /આ.નં./૧૦૧૩ આપેલી માહિતીમાં માનસિક તાણ ઉત્પન્ન થાય તેવી અને લોલમલોલ ચલાવ્યા હોવાનું જણાવી તા. ૩–૩–૧રના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બન્ને પક્ષકારોને પૂરક વિગતો મેળવવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૮૪ તા. ૧૩–૩–૧ર થી પાઠવવામાં આવેલ. જેમાં અરજદારને મુદ્દાવાર પક્ષકાર જાહેર માહિતી અધિકારીદીઠ નારાજગી સ્પષ્ટ કરવા તથા મૂળ અરજીમાં માંગેલ માહિતી તેમજ ફી ભર્યાની વિગતો જણાવવા સાથે લગભગ દોઢ માસની વિલંબીત અપીલ અરજી અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વ્યાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે વ્યાજબીપણું રજૂ કરવાની જગ્યાએ માંગવામાં આવેલ પૂરક વિગતનો પત્ર પૂરક માહિતીમાં છાપી ભાષા તથા રજુઆત સ્પષ્ટ અણસાર આપે છે કે આપ સાહેબ કોઈને કોઈક ટેકનીકલ મુદ્દા અમારી અપીલમાં હાજર રહેવાની તથા રજુઆત કરવાની કોઈપણ પ્રકારની વ્યાજબી તથા ન્યાયી તક આપ્યા સિવાય લટકો–ફટકો કે નિકાલ કરી નાખવાની ફિરાકમાં છો. અમોએ પી.આઈ.ઓ. અઠવાઝોન સામે ફરીયાદ કરેલ છે. ત્યાર બાદ તેઓએ શ્રી સી.વાય. ભટ્ટ સાહેબને ૩૦ દિવસનો હક જતો કરી ૩૦ની જગ્યાએ ૬૦ દિવસના સમયની બમણી મુદ્દત ફાળવેલ છે. તેથી અપીલને લટકો–ફટકો કરી નાખતા પહેલા અમને સમાન હક મળેલા છે તેવી રજુઆત કરેલ છે. વધુમાં અરજદારે ૬૦ દિવસના હિસાબે તા. ર૦–૧–૧ર ગણાવી અને અપીલની મુદ્દત તા. ર૧–૩–૧રના રોજ પુરી થવા જાય તેવો દાવો કરેલ છે. જે અપીલના નિયમો જોતાં તેમના ૬૦ દિવસ તા. ર૦–૧–૧ર ધ્યાને લેવામાં આવે તોપણ દિન–૩૦ તા. ૧૮–૧–૧રના રોજ પૂરા થાય અને તે પહેલા તેમની અપીલ થયેલ નથી. આમ અરજદારની અપીલ ઘણા અઘટિત વિલંબથી થયેલ છે. અરજદારને પણ અપીલ અરજીના વિલંબ અંગે વાજબીપણું રજૂ કરવા જણાવવામાં આવેલ તેમ છતાં અરજદાર વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે. તે જોતાં કલમ–૧૯(૧) થી ઠરાવેલ સમય અવધિ ધ્યાને લેતાં પ્રથમદર્શીય રીતે અપીલ ગ્રાહય રાખવા પાત્ર થાય નહીં તેમ છતાં કાયદાના આમુખમાં ચરિતાર્થ કરેલ ઉદ્દેશો સાથે કાયદાની કલમ–રપ અન્વયે કાયદાની ભાવના અને હાર્દ ધ્યાને લઈ અરજદારની વિલંબિત અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ /૧૦૧૩ તા. ૧૩–૧ર–૧૧થી અરજદારને નિયત સમય અવધિમાં પત્ર પાઠવી અને નિયત સમય અવધિમાં ઈન્સ્પેકશન કરવા જણાવેલ છે. જે આરટીઆઈ કાયદાના નિયમો અનુસાર છે જે બાબતે અરજદારે પી.આઈ.ઓ.ની માહિતી લોલમલોલ હોવાનું જણાવી અપીલમાં દલીલ કરેલ છે. તેમ છતાં અરજદારને જાહેર માહિતી અધિકારી તરફ થી સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ ૧૧૩ર

તા.૧૧–૧–૧૨થી માહિતી પણ પુરી પાડવામાં આવેલ છે. તેમજ અરજદારની અરજી મુદ્દા નં. ૧૨ તથા ૧૩ અંગે શ.વિ. અને શ.ગૃ.વિભાગને સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૯૭૭ તા. ૨૮–૧૧–૧૧થી તબદીલ કરેલ છે તેમજ અત્રેના સત્તા મંડળને પણ સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.નં./૯૭૮ તા. ૨૮–૧૧–૧૧થી તબદીલ કરવામાં આવેલ છે. અરજદારે અઠવાઝોનના પી.આઈ.ઓ.એ સરનામું જણાવેલ નથી તેવી રજુઆત બાબતે તેમને પ્રેષક તરીકે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સાઉથ વેસ્ટ અઠવાઝોન આદર્શભવનની બાજુમાં સુરત મહાનગરપાલિકા તથા ઝોન ઓફિસના ફોન નં. સહિતની વિગતો જણાવેલ છે. અરજદારે સહીની નીચે નામ જણાવેલ નથી તેવી રજુઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ તેમનો હોદ્દો જણાવેલ છે જે અઠવા ઝોન ખાતે એક જ અધિકારી હોદ્દો ધરાવે છે. અરજદારે અપીલમાં અઠવાઝોનના પત્ર નં. અઠવાઝોન/આઈડી/૪૨૪ તા. ૨૧–૧૧–૧૧ જણાવેલ છે અને તબદીલ પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ /૯૭૮ તા. ૨૮–૧૧–૧૧ બાબતે જણાવે છે કે અમોને ૪૨૪ નંબર ફાળવેલ છે અને અમોને ૯૭૮ જણાવવામાં આવે છે. અરજદારને ૪૨૪ તા. ૨૧–૧૧–૧૧ એ અરજીનો નોંધણી નંબર છે. જયારે સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ /૯૭૮ તા. ૨૮–૧૧–૧૧ જે જણાવેલ છે તે તબદીલ પત્રનો નંબર છે. અરજદારે જો બન્ને પત્રનો અભ્યાસ કર્યો હોય તો અરજદારને તેનો ખ્યાલ આવી શકયો હોત, પરંતુ અરજદારે અભ્યાસ કર્યા વિના અપીલમાં દલીલ કરેલ છે. અરજદારે તેમની અપીલમાં મુદ્દા નં. ૧ દરેક ફોર્મની પ્રિન્ટીંગ કિંમત, અપીલના મુદ્દા નં. ૨ ફોર્મ ન ખરીદ્યા બાદ પણ જો નાગરિક પોતાના શબ્દોમાં અરજી કરે તો તેની અરજી મહાનગરપાલિકા દ્વારા સ્વીકારવામાં આવે છે કે કેમ અને ૩ મહાનગરપાલિકા સેવાનો મફત કે પૈસા ખર્ચીને તેનો ઉપભોગ કરનાર શહેર સુરતના તમામ નાગરિકનો સમાવેશ ઉપભોકતા યાને કે કન્ઝયુમરમાં મહાનગરપાલિકાના મતે થાય કે કેમ તેવા અભિપ્રયાની અપીલ તબક્કે માંગણી કરેલ છે. મુદ્દા ન.૩ અન્ય મહાનગરપાલિકાના કોઈ પી.આઈ.ઓ. એ માહિતી ન પુરી પાડવા બાબતે અઠવાઝોન તરફથી શ.વિ. અને શ.ગૃ.વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. (ક) રેકર્ડ ચકાસણી માંગેલ નથી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીને રેકર્ડની માહિતી આપવા માટે જાહેર માહિતી અધિકારીને તપાસણી આપવાનું યોગ્ય જણાય તો અરજદારને ચકાસણી આપી શકે છે.(ખ) માહિતી ન આપવાની આડોડાયી અધુરી યાને કે ગેરમાર્ગે દોરનારી વિષય વસ્તુ મારી નાખે તેવી માહિતી આપેલ છે તેવી રજુઆત બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી કે અરજીના મુદ્દાવાઈઝ માહિતી અધુરી કે ગેરમાર્ગે દોરનારી કઈ માહિતી છે અને તેના આધાર પુરાવા અપીલ તબક્કે કે સુનાવણી વખતે રજુ કરેલ નથી. અરજદારે અપીલમાં અઠવાઝોનના પી.આઈ.ઓ.ને હાજર રહેવાના મુદ્દતની રજુઆત કરેલ છે તે બાબતે પણ અત્રેથી બન્ને મુદ્દતોમાં અઠવા ઝોનના પી.આઈ.ઓ. હાજર રહેલ છે.અરજદારે અપીલના મુદ્દા નં. ૧૦માં જણાવેલ વિગતે અપીલ તબક્કે કોઈ રજુઆત થયેલ નથી. જે અંગે અરજદારને એપેલેટ અધિકારીને સુનાવણીનો આગ્રહ રાખેલ. જે અંગે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/ન.૯ તા. ૩–૪–૧૨ના પત્રથી તા. ૧૨–૪–૧૨ના રોજ ૧૧.૩૦ કલાકે સુનાવણી મુકરર કરવામાં આવેલ. જે અંગે અરજદારે તા. ૧૨–૪–૧૨ના રોજ સુનાવણી વખતે એપેલેટ અધિકારી સમક્ષ અરજદાર ઉપસ્થિત રહી શકે તેમ નથી તે. બાબતે મુદ્દતની માંગણી કરવામાં આવેલ જે અંગે તેમની મુદ્દતની માંગણી ગ્રાહય રાખી તા. ૨૬–૪–૧૨ના રોજ ૧૨ કલાકે હાજર રહેવા તે જ દિવસે જણાવવામાં આવેલ. ત્યાર બાદ અત્રેથી અરજદારની વિલંબીત અપીલ તેમજ અપીલની રજુઆત ધ્યાને લઈ બન્ને પક્ષકારોને અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૦૫ તા. ૧૬–૪–૧૨ના પત્રથી તા. ૨૬–૪–૧૨ના રોજ સવારે ૧૨ કલાકે સુનાવણી મુકરર કરવામાં આવે જેમાં અરજદારે તા. ૨૬–૪–૧૧ના રોજ સુનાવણી સમયે અરજદાર ઉપસ્થિત રહી શકે તેમ નથી તેવું જણાવી તેમના પ્રતિનિધિ ભુપેદ્રભાઈ હાજર રહી તેમના વતી રજુઆત કરશે તેવો પત્ર રજૂ કરવામા આવેલ. જે ગ્રાહય રાખેલ. જેમા અરજદાર તરફે કનુભાઈ બી. શાહના પ્રતિનિધિ ભુપેન્દ્ર શાહ ઉપસ્થિત રહી ફોર્મની પ્રિન્ટીંગ કિંમત આપવામાં આવેલ નથી. અને દરેક પી.આઈ.ઓ.એ તેની માહિતી પુરી આપેલ નથી. સર્વિસ પ્રોવાઈડર તરીકે જાહેર કરો,ઉપભોકતા તરીકે જાહેર કરો અને પડતર કરતા વધુ પૈસા લો છો તેવી રજુઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારની અરજી બાબતે જે તે ઝોન તરફથી સેવાઓ પુરી પાડવાની હોય છે જેમ કે નામફેર જે ફોર્મ આપવામાં આવે છે નામફેર સાથે બીજી સેવાના પૈસા લેતા નથી જેમ કે સ્થળવિઝીટ અને અરજી ચકાસણી અને નિકાલ પ્રોસેસીંગ અને વહીવટી ખર્ચનો સમાવેશ થાય છે. અરજદારે જે તે માંગણી માટે રજુઆત કરેલ છે તે સહિતના આ ચાર્જીસ છે. વધુમાં વહીવટી પ્રોસેસીંગ ચાર્જ સાથે તેનો પાણી ફોર્મનો ભાવ નક્કી કરેલ છે યુઝરચાર્જ નક્કી કરતા હોય છે આમ મહાનગરપાલિકાએ વેઠવો પડતો રેવન્યુ ખર્ચ સામે યુઝરચાર્જ નક્કી કરવાના મહાનગરપાલિકાને બંધારણીય સત્તા પણ પ્રાપ્ત થયેલ છે તેમજ અરજદારને પાણી બાબતેના મ્યુ.કમિ.શ્રીનો સીએમએફ/૪૧ તા. ૫–૩–૨૦૦૨ પરિપત્રની નકલ પણ સુનાવણી સમયે પુરી પાડવામાં આવેલ છે જે અરજદારના પ્રતિનિધિએ સ્વીકારેલ છે જેની વિગત જેમાં પાણી પુરવઠાના સર્વિસ નળ જોડાણ મેળવવા માટે મહનગરપાલિકાએ મુકરર કરેલી અરજીનું ફોર્મ નળ જોડાણ લેનારે ઝોનમાં રજુ કરવાનું રહે છે આવા અરજી ફોર્મ જે તે ઝોન દ્વારા રૂા.૨૫/–ની રકમ વસુલ લઈ વેચાણથી આપવામાં આવે છે હાલમાં વહીવટી ખર્ચ તેમજ સ્ટેશનરી ખર્ચમાં વધારો થતો રહેતો હોય, આ ફોર્મની વેચાણ કિંમત રૂા.૫૦/– કરવાનું નક્કી કરવામાં આવેલ છે જેનો અમલ તા. ૧–૩–૨૦૦૨થી કરવાનો રહેશે. વધુમાં તા. ૧–૩–૨૦૦૨ પહેલા વેચાણ થયેલા ફોર્મ નળ જોડાણ મેળવવા રજૂ કરવામાં આવેલ. ત્યારે તેવા અરજદારો પાસેથી પણ વધારાના રૂા.૨૫/– વસુલ કરવાના રહેશે. તેવું પરિપત્રમાં જણાવેલ છે.

અરજદારની મુખ્ય માંગણી મહાનગરપાલિકા દ્વારા કઈ કઈ સેવાઓ પુરી પાડવામાં આવે છે. અને કઈ સેવાઓ માટે ચાર્જ લેવામાં આવે છે અને કઈ સેવાઓ મફત પુરી પાડવામાં આવે છે તેમજ મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓના ફોર્મ બાબતે અને ફોર્મની પડતર કિંમત અને વેચાણ કિંમત અને થયેલા વેચાણની આંકડાકીય માહિતી બાબતેની રહેલી છે. જે અંગે જુદા જુદા જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી સેવાઓ પૈકી કઈ સેવાઓ મફત આપવામાં આવે છે તથા મફત આપતી સેવાઓના ફોર્મ પણ મફત પુરા પાડવામાં આવે છે તેવી વિગતો અરજદારને પુરી પાડવામાં આવેલ છે. ખાસ કરીને આરોગ્ય વિભાગમાં તેવી વિગતો સ્પર્શતી હોય તે વિગતો આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગો (વેકસીનેશન, વીબીડીસી, જન્મ મરણ, લેપ્રસી કંટ્રોલ યુનીટ અને શહેરી કુંટુંબ કલ્યાણ બ્યુરો) તથા સ્લમ અપગ્રેડેશન અને સાંસ્કૃતિક દ્વારા પુરી પડાયેલ છે જયારે ફોર્મની પડતર કિંમત બાબતની વિગત મ્યુ. પ્રેસ દ્વારા પુરી પાડવામાં આવેલ છે જેમાં સફેદ કાગળ લેજર પેપર સહિતની માહિતી આપેલ છે. તેમજ ફોર્મ ઉપર વેચાણ કિમત બાબતે વેચાણ કિંમત પ્રિન્ટ કરવામાં આવેલ હોય છે. અને વેચાણ કિંમત નક્કી કરવા બાબતે અરજદારને સુનાવણી વખતે મ્યુ. કમિ.શ્રીના ઉપરોકત પેરામાં ફરીયાદ હકીકત દર્શાવતા પરિપત્રની વિગત પણ જણાવેલ છે જે અંગે સુનાવણીમાં પણ તમામ જાહેર માહિતી અધિકારીઓએ

પાણી–ગટર અને આકારણી બાબતેના ફોર્મમાં પણ તેવી વિગતો સમાવેલ હોય છે તેવું જણાવેલ છે. વધુમાં મહાનગરપાલિકાના ઝોનો દ્વારા ઉપયોગમાં લેવાતા યાદી ફોર્મોની કિંમત દર્શાવતા ફોર્મોના પત્રકોની માહિતી પણ આપવામાં આવેલ છે. અઠવાઝોન દ્વારા તેવા ફોર્મોના ઉપયોગ માટે અરજદારે અપીલ તબક્કે જણાવતાં ફોર્મોના ઉપયોગ અને વપરાશની માહિતી પણ જણાવવામા આવેલ છે તેમજ અરજદારને માહિતી અંગે નિયત સમય અવધિમાં ઈન્સ્પેકશન પુરો પાડવાનો પ્રસ્તાવ પણ કરેલ છે અને અન્ય સત્તામંડળોને સ્પર્શતી માહિતી માટે શ.વિ. અને શ.ગૃ.વિભાગને તબદીલી પણ કરવામાં આવેલ છે. ફોર્મોના વેચાણ બાબતે અઠવાઝોન, રાંદેરઝોન,કતારગામઝોન અને ઉધનાઝોને માહિતી પુરી પાડેલ છે જયારે સેન્ટ્રલઝોન, લીંબાયતઝોન અને વરાછાઝોને તેવી માહિતી પુરી પાડેલ નથી. ફોર્મો પરત આવવા બાબતે રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. અરજદારની મુદ્દા નં. ૧, મુદ્દા નં. ૨૦ મુદ્દા નં. ૨૨ ,૨૩ માં "જાહેર કરો" તેવા પ્રશ્નનો સમાવેશ માહિતીની વ્યાખ્યામાં થતો નથી. " જાહેર કરો" એટલે કે, ભવિષ્યમાં કરવાની કાર્યવાહી બાબતેની રજુઆત સંબંધે હોવાથી તે અંગે અરજદારે સક્ષમ સત્તાને રજુઆત કરવાની રહે.

અરજદારે આ અપીલ સિવાય પણ જુદા જુદા પત્રો દ્વારા અરજદારે તેમની તા. ૨૧–૧૧–૧૧ની અરજી બાબતે અપીલની રજુઆતો અન્ય રીતે જુદા જુદા પત્રો સાંકળીને કરીને તા. ૧૮–૧૨–૧૧ના પત્રથી સુરત મહાનગરપાલિકાની વિવિધ ફોર્મ બાબતેની રજુઆત તેમજ મહેકમ વિભાગની મળેલી માહિતી બાબતે જીએડી/ઈએસટી/૩૨૧૯ તા. ૨૦–૯–૧૧ની વિગતે ઈ–મેઈલ દ્વારા રજુઆત તથા ખાતાઓની નીલ માહિતી બાબતે તા. ૨૫–૧૨–૧૧ની રજુઆત તેમજ કતારગામઝોન દ્વારા વિવિધ ફોર્મની આપેલી માહિતી બાબતે પત્ર ક્રમાંક ૧૫ અને ૧૭ તા. ૩૧–૧૨–૧૧થી પુનરાવર્તિત રજુઆત અને ત્યાર બાદ તા. ૫–૧–૧૨ની અરજીમાં પણ મુદ્દા નં. ૩૯થી ફોર્મની અરજી બાબતેની માહિતીની માંગણી કરેલ છે. આમ આ અરજીથી અરજદારને અત્રેના સત્તામંડળના સ્પર્શતા ૪૧ મુદ્દાની માહિતી પુનઃ માંગેલ જેની વિસ્તૃત માહિતીસભર વિગતો પણ તેમને આરટીઆઈ સેલ કક્ષાએથી સ્પર્શતા મુદ્દા માટે પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૩–૩–૧૧ ધ્યાને લેતાં ૨–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૭–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧૧–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, લીંબાયતઝોન અને વરાછાઝોન દ્વારા ફોર્મ વેચાણ અંગેની નહીં પુરી પડાયેલી માહિતી અરજદારની વિલંબીત અપીલને ધ્યાને લેતાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭માં પુરી પાડવા કાર્યવાહી હાથ ધરવા અનુક્રમે ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી –સેન્ટ્રલઝોન, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન તથા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–વરાછાઝોનને જણાવવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી કરવામાં આવેલ પ્રસ્તાવ અનુસાર નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની "જાહેર કરો" તેવી માંગણી અંગે કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં કોઈ માહિતી માગ્યાનું સ્પષ્ટ થાય નહીં. જયારે " જાહેર કરો" Action Taking– માહિતીના વ્યાપથી અલગ બાબત હોઈ, અરજદાર તે અંગે અત્રેની વેબ સાઈટ તથા તે પરની સ્વયં પ્રસિધ્ધ વિગતોનો સંદર્ભ કર્યા બાદ જરૂર જણાયે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન, કતારગામઝોન, રાંદેરઝોન, ઉધનાઝોન, વરાછાઝોન, લિંબાયતઝોન, અઠવાઝોન) પી.ઓ. અને ત.જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ), ખાતાકીય અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારીઢ (ઈન્કવાયરી વિભાગ), ચીફ ફાયર ઓફિસર અને ત. જાહેર માહિતી અધિકારી(ફાયર અને ઈમરજન્સી વિ), ઈ.ચા.ગ્રંથપાલ અને ત. જાહેર માહિતી અધિકારી(નર્મદ મધ્યસ્થ લાયબ્રેરી),મેનેજર ગાંધી સ્મૃતિભવન અને ત. જાહેર માહિતી અધિકારી(સાંસ્કૃતિક વિભાગ),ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (ટ્રાફિક સેલ),ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને ત.જાહેર માહિતી અધિકારી(ગાર્ડન વિભાગ),ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(ગાર્ડન પ્રોજેકટ સેલ),ઈ.ચા.લો.ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(કાયદા ખાતુ),ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ),

ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(મ્યુ.વર્કશોપ),ઈ.ચા. સ્ટોર સુપ્રિ.અને ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ સ્ટોર),મેડીકલ ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ),આસી.જંતુનાશક અધિકારી અને ત.જાહેર માહિતી અધિકારી(ફાઈલેરિયા/મલેરિયા વિ),ઈ.ચા.ઝુ.સુપ્રિ. અને ત.જાહેર માહિતી અધિકારી(સરથાણા નેચરલ પાર્ક વિભાગ),સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક,રોડ ડેવલપમેન્ટ,ગર્વમેન્ટ પ્રોજેકટ એન્ડ લોન પ્રોજેકટ વિભાગ,સ્ટ્રીટ લાઈટ, બ્રીજ સેલ),ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને ત.જાહેર માહિતી અધિકારી(ટાઉન પ્લાનીંગ),ડે.કમિશ્નર (ફા) અને ત.જાહેર માહિતી અધિકારી,ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને ત.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય વિભાગ),ડીનશ્રી અને ત.જાહેર માહિતી અધિકારી(સ્મીમેર મેડીકલ કોલેજ) ,એડી.સીટી ઈજનેર અને ત.જાહરે માહિતી અધિકારી(ડ્રેનેજ વિભાગ),ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી(ઈલેકશન વિ.,સાયન્સ સેન્ટર,રીક્રુટમેન્ટ, ઈન્ફોરમશન સીસ્ટમ વિભાગ,સ્લમ અપગ્રેડેશન સેલ),એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ સેલ,ફલડ પ્રોટેકટીવ પ્રોજેકટ, સ્વીમીંગ પુલ),એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(બીઆરટીએસ સેલ),જકાત અમલદાર અને ત.જાહેર માહિતી અધિકારી(જકાત વિભાગ),સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(આર.ડી.ડી.વિભાગ)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી કનુભાઈ બી. શાહ,